# વૈષ્ણવ-માર્ગ પ્રદર્શિકા

## પુરુષોત્તમમાસ (અધિકમાસ), શ્રાવણમાસ, ચતુર્માસ યા વર્ષપર્યન્ત અથવા જીવનપર્યન્ત માટે લેવા યોગ્ય નિયમો :-

-: લેખક :-

**પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી**
**(વડોદરા)**

પ્રકાશક
***શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ***

# અનુક્રમણિકા

પૃષ્ઠ
(૧) અધિકમાસ, શ્રાવણમાસ, ચતુર્માસ યા વર્ષ પર્યન્ત અથવા જીવન પર્યન્ત લેવા યોગ્ય નિયમો ૩-૩૫
- (૧) સવાર સાંજ બન્ને સમય અષ્ટયામ સેવામાં પહોંચતા વૈષ્ણવોએ લેવા યોગ્ય નિયમો ૩-૬
- (૨) જે વૈષ્ણવો પોતાના ઘરે માત્ર સવારે જ થોડા સમય માટે કે વધુ સમય માટે સેવામાં પહોંચતા હોય તેવા વૈષ્ણવોએ લેવા યોગ્ય નિયમો. ૬-૯
- (૩) ઉપર્યુક્ત બન્નેમાંથી કોઈ પણ એક પ્રકારની સેવામાં પ્રયુક્ત થયેલા વૈષ્ણવોએ લેવા યોગ્ય નિયમો. ૯-૧૨
- (૪) ઘરમાં સેવા બિરાજતી હોય છતાં પણ સેવામાં નહીં પહોંચતા હોય તેવા વૈષ્ણવોએ લેવા યોગ્ય નિયમો. ૧૨-૧૪
- (૫) જે લોકો વૈષ્ણવો છે પણ સ્વરૂપ સેવામાં રુચિ નથી અથવા તો તેમની માન્યતાએ પુષ્ટિમાર્ગીય સેવા કરવામાં તેમની પરિસ્થિતિ અનુકૂળ નથી તેવા લોકોએ લેવા યોગ્ય નિયમો. ૧૪-૩૫
  - (૧) જપ-પાઠ વગેરે. ૧૪-૧૬
  - (૨) બીજા લેવા યોગ્ય નિયમો ૧૬-૧૭
  - (૩) યાત્રાના નિયમો. ૧૮-૨૨
  - (૪) ધર્મગ્રંથોનો આદર. ૨૨-૨૩
  - (૫) વૈષ્ણવવ્રતો અને તેના નિયમો. ૨૩-૨૬
  - (૬) વૈષ્ણવોની દૈનિક ક્રિયાઓનો આરંભ ૨૬-૨૮
- (૬) બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત પુષ્ટિમાર્ગીય બ્રાહ્મણોએ લેવા યોગ્ય નિયમો. ૨૮-૩૧
- (૭) વિદ્યાર્થી વૈષ્ણવ બાળકોએ લેવા યોગ્ય નિયમો. ૩૧-૩૫

(૨) પહેલું પગથિયું ૩૫-૪૪

।। શ્રીકૃષ્ણાયનમઃ ।।

# અધિકમાસ, શ્રાવણમાસ, ચતુર્માસ યા વર્ષપર્યન્ત અથવા જીવનપર્યન્ત માટે લેવા યોગ્ય નિયમો :–

## (૧) સવાર–સાંજ બન્ને સમય અષ્ટયામ સેવામાં પહોંચતા વૈષ્ણવોએ લેવા યોગ્ય નિયમો :–

(૧) હું પ્રતિદિન પોતાના સેવ્ય શ્રીપ્રભુને મારા હાથે જ સામગ્રી સિધ્ધ કરી ભોગ ધરીશ.

(૨) હું પ્રતિદિન નિત્ય નેગ ઉપરાન્તની કોઈ એક નવી સામગ્રી મારા હાથે સિધ્ધ કરી મારા સેવ્ય પ્રભુને આરોગાવીશ.

(૩) હું મારી જાત કમાણીના પૈસાથી જ મારા સેવ્ય શ્રીપ્રભુની સેવામાં કોઈ પણ વ્યવહાર કરીશ.

(૪) દેવું કરીને કે પછી બીજાના પૈસે મારા સેવ્ય શ્રીપ્રભુની સેવામાં કોઈ વ્યવહાર કરીશ નહીં.

(૫) સેવાના સમયમાં હું કોઈના ઉપર પણ ક્રોધ કરીશ નહીં અને છતાં પણ થઈ જાય તો ફરીથી સ્નાન કરી સેવામાં પહોંચીશ.

(૬) સેવાના સમય દરમિયાન સેવાના કાર્યમાં જરૂરી એવી વાતો સિવાયની બીજી કોઈ ચર્ચા કરીશ નહીં.

(૭) સેવાના સમય દરમિયાન સેવાથી ઈતર બાહ્ય-લૌકિક વ્યાવહારિક કોઈ ક્રિયા કરીશ નહીં.

(૮) સેવાના સમય દરમિયાન ચિત્તને પ્રભુમાં અને પ્રભુસેવામાં લગાવવાનો સતત પ્રયત્ન કરીશ તથા સ્વભાવવશ આવી જતું લૌકિક બાબતોનું ધ્યાન તેને ઘટાડવાનો સતત પ્રયત્ન કરીશ.

(૯) હું સમ્પૂર્ણ માસ દરમિયાન કોઈ એક વૈષ્ણવને પ્રસાદ લેવડાવ્યા પછી પ્રસાદ લઈશ.

(૧૦) ઘરમાં પરિવારનજનો સાથે કે પછી આસ-પાસ રહેતા પાડોશીઓ સાથે ક્લેશ થાય નહીં તે રીતે સેવા કરીશ. સેવાના કોઈ પણ કારણને લઈ પરિવાર સાથે કે બીજાઓ સાથે ક્લેશ થાય તે રીતે કોઈ કૃત્ય કરીશ નહીં કે તેવી સેવાની પધ્ધતિ અપનાવીશ નહીં. જેથી ક્લેશ થઈ ક્લેશવાળી સેવા પ્રભુ અંગીકાર કરે નહીં.

(૧૧) હું અધિકમાસ દરમિયાન, શ્રાવણમાસ દરમિયાન, ચતુર્માસ દરમિયાન કે પછી ક્યારેય એવા વ્રતો-નિયમો ગ્રહણ કરીશ નહીં જેનાથી રોજની દૈનિક પ્રભુસેવા- પ્રભુભક્તિમાં વ્યવધાન થાય કે પછી સેવા-ભક્તિના કાર્યોમાં ઉતાવળ કરવી પડે.

(૧૨) એવા કોઈ પણ લૌકિક-વૈદિક કાર્યોને જીવનમાં મહત્ત્વ કે સ્થાન હું નહીં આપું કે જે રોજની પ્રભુસેવા પ્રભુ ભક્તિમાં બાધક બનતા હોય, તેમજ તેવાં કારણોથી સેવામાં ઉતાવળ કરવી પડે તેવું કંઈ કરીશ નહીં, અને તેવાં લૌકિક-વૈદિક કાર્યો સેવાના અનવસર કાળમાં જેટલાં થઈ શક્તાં હોય તેટલાં જ કરીશ.

(૧૩) સેવા દરમિયાન પ્રભુની સમ્મુખ અપશબ્દો, ગર્વીલી અભિમાનભરી વાણી કે તિરસ્કારભર્યા શબ્દો ઉચ્ચારીશ નહીં અને તેમ છતાં પણ જો ભૂલ થઈ જાય તો ફરીથી સ્નાન કરી પછી સેવામાં પહોંચીશ.

(૧૪) પ્રભુની સેવામાં ઉપયોગમાં આવતા, ધરાવવાના તથા બીજા સૂતરાઉ વસ્ત્રો, સેવામાં આવતા ઝારી-બંટા વગેરે પાત્રો તથા ખિલોનાઓ, સામગ્રી સિધ્ધ કરવા માટેનાં પાત્રો, જલની મથની વગેરે માટીનાં પાત્રો, સામગ્રી સિધ્ધ કરવા માટેની જગ્યા, પ્રભુને બિરાજવા માટેની જગ્યા અથવા સેવામાં ઉપયોગી તમામ જગ્યાઓ, આ બધું જ એકદમ ચોખ્ખા, શુધ્ધ, સાફ-

સુથરા અને ચકચકાટ રાખીશ અને આ શુદ્ધિઓ હું મારા હાથે જ કરીશ.

(૧૫) સેવામાં શ્રીપ્રભુને ભોગ ધર્યા પછીથી બહાર આવી જ્યાં સુધી ભોગ સરે નહીં ત્યાં સુધીના સમયમાં વ્યર્થ આલાપ, વ્યર્થના વિચારો કે વ્યર્થની ક્રિયાનો ત્યાગ કરી પોતાના દ્વારા સમર્પિત સામગ્રીને શ્રીમહાપ્રભુજી અતિશય સ્નેહપૂર્વક મનુહાર કરી કરીને ખૂબ લાડથી શ્રીપ્રભુને આરોગાવી રહ્યા છે અને તેને પોતાના સ્વામી પ્રભુ ખૂબ જ રુચિપૂર્વક આરોગી રહ્યા છે તેવું ધ્યાન એક સ્થાન પર બેસી આંખ મીચી કરતો રહીશ.

(૧૬) શ્રીપ્રભુની સેવામાં ભલે ઓછી હશે તો ચાલશે પણ ખરાબ હલકી કે સ્વાદ વિનાની વસ્તુઓનો ઉપયોગ કરીશ નહીં, તેમજ તેવી કોઈ વસ્તુઓ આરોગાવવામાં શ્રીપ્રભુના મુખારવિન્દમાં ન જાય તેનો ઝીણવટથી ખ્યાલ રાખીશ અને તેમ છતાં પણ ભૂલ થઈ જાય તો તે દિવસે નકોરડો ઉપવાસ કરીશ.

(૧૭) હું તેટલો અને તેવો આહાર લઈશ કે જેનાથી સેવાર્થે શરીરની તંદુરસ્તી બની રહે, તેટલા અને તેવા વિહાર (શયન-પરિભ્રમણ વ્યાયામ વગેરે) કરીશ જેનાથી સેવાર્થે શરીરને વળવામાં અવરોધ ન થાય અને આંખ, નાક, કાન, હાથ, પગ વગેરે ઈન્દ્રિયોથી થનારી ચેષ્ટાઓમાં તે પ્રકારે વર્તીશ કે જેનાથી પોતાની ઈન્દ્રિયોનો સેવામાં સારી રીતે પૂર્ણ વિનિયોગ થઈ શકે અને હું તેટલો અને તેવો આહાર લઈશ-વિહાર કરીશ તથા તેવાં જ કર્મ કરીશ કે જેનાથી સેવામાં મનની તન્દુરસ્તી જળવાઈ રહે, પણ આનાથી વિરુદ્ધનો સેવામાં આળસ-પ્રસાદ કરે, નિદ્રા આવે કે બિમારી, બાધક બને તેવા આહાર-વિહાર કર્મને સ્વીકારીશ નહીં.

(૧૮) મારા ઘરે બિરાજતા શ્રીપ્રભુના પ્રસાદ વડે જ દેહપોષણ કરીશ (ઘરે શ્રીપ્રભુને દાળ રોટલા આરોગાવી હું બહાર બીજાઓને ત્યાં માલ મલીદા આરોગું એ સેવકધર્મ નથી.)

(૧૯) ઘરે બિરાજતા શ્રીપ્રભુ જેવું પણ આરોગ્યા હશે તેમાં સુધારો વધારો (ઉપરથી વઘાર કરવો, મરી મસાલા, મરચા, લૂણ ઉપરથી નાખવું વગેરે) કર્યા વિના જેવો પ્રસાદ હશે તેને તે રૂપમાં જ ગ્રહણ કરીશ.

(૨૦) ઘરે આવેલા વૈષ્ણવ, અતિથિ, બ્રાહ્મણ વગેરેને પ્રસાદ લેવડાવ્યા બાદ તથા ગૌગ્રાસ કાઢ્યા બાદ જે અવશિષ્ટ રહે તે ભગવત્ પ્રસાદી હું ગ્રહણ કરીશ.

## (૨) જે વૈષ્ણવો પોતાના ઘરે માત્ર સવારે જ થોડા સમય માટે કે વધુ સમય માટે સેવામાં પહોંચતા હોય તેવા વૈષ્ણવોએ લેવા યોગ્ય નિમયો :-

(૧) હું અમુકથી અમુક સમય દરમિયાન શ્રીગુરુદેવની આજ્ઞા લઈ બન્ને સમયે સેવામાં પહોંચીશ.

(૨) **(જે વૈષ્ણવો સખડીભોગ નથી ધરતા તેમના માટે)** હું શ્રીગુરુદેવની આજ્ઞા લઈ નીચે જણાવ્યા દિવસોએ શ્રીપ્રભુને સખડીભોગ ધરીશ.

૧. જન્માષ્ટમી
૨. રાધાષ્ટમી
૩. શ્રીગોપીનાથજીનો ઉત્સવ
૪. શરદ્ પૂર્ણિમા
૫. દીવાળી
૬. બેસતું વર્ષ
૭. ગોપાષ્ટમી
૮.શ્રીગુસાંઈજીનો ઉત્સવ
૯.શ્રીનાથજીનો પોટોત્સવ
૧૦. દોલોત્સવ
૧૧.સંવત્સર ઉત્સવ
૧૨. શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ
૧૩. અક્ષય તૃતીયા
૧૪. સ્નાનયાત્રા
૧૫. રથયાત્રા
૧૬. ઠકુરાની ત્રીજ
૧૭. પવિત્રા દ્વાદશી
૧૮. રક્ષાપૂનમ

(૩) જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી રોજનો જે સેવાનો સમયછે તેમાં હું મારી અનૂકૂલતા મુજબ ફેરફાર નહી કરું, પણ સેવાના સમય મુજબ હું મારાં કાર્યોમાં ફેરફાર કરીશ.

(૪) બન્ને સમય હું સેવામાં પહોંચી શકું તેવી અનુકૂલતા અને સામર્થ્ય આપવાની શ્રીપ્રભુ કૃપા ન કરે ત્યાં સુધી મને સૌથી વધુ પ્રિય એવી અમુક વસ્તુને હું જમીશ નહીં (જે પોતાને સહુથી વધુ પ્રિય વાનગી-વસ્તુ હોય તે છોડી દેવી)

(૫) **(જે લોકો સખડી ભોગ ધરતા હોય તેમના માટે)** ઘરમાં સિદ્ધ કરેલી સામગ્રીમાંથી શ્રીપ્રભુને સમર્પવા થાળી અલગ કરી બાકીની રસોઈમાંથી ઘરના લોકોને જમવાનું આપીશ નહીં. બનેલી રસોઈમાંથી બધું જ શ્રીપ્રભુને ભોગ ધર્યા બાદ, ભોગ સરાવી પછી જ બધાને પ્રસાદ આપીશ. (ઘરના લોકોને ભોગ ધરતા પહેલાં જમાડવા જરૂરી હોય તો જ્યાં શ્રીપ્રભુની સામગ્રી સિદ્ધ થતી હોય તેથી અલગ જગ્યામાં જુદી રસોઈ કરી ઘરના લોકોને જમાડવા).

(૬) **(જે વૈષ્ણવો કુટુમ્બમાં રહે છે, કુટુમ્બમાં આસક્તિવાળા છે અને કુટુમ્બીજનો ભગવત્સેવાપરાયણ નથી તેવી સ્થિતિવાળા વૈષ્ણવો માટે...)** કુટુમ્બના સભ્યોને કે પછી અડોસ-પડોશમાં રહેતા લોકોને સેવા અખરે કે પછી સેવાના નામ પર ઘરમાં કંકાસ થાય કે પછી ઘરવાળાઓને ધર્મમાં અશ્રદ્ધા થઈ જાય તે રીતે હું સેવાનો પ્રકાર રાખીશ નહીં, પણ ઘરમાં કંકાસ ન થાય, ઘરના લોકોને પણ સેવામાં રુચિ થાય અથવા દંડવત્ પ્રણામના પણ તેમનામાં સંસ્કાર પડે તે રીતે હું મારો સેવાનો પ્રકાર ગોઠવીશ (આવી સ્થિતિમાં ઓફિસ જનારા કે સ્કૂલ - કોલેજમાં જનારાઓના કાર્યથી પરવારી તેમને સંતુષ્ટ કરી થોડા વિલમ્બે પણ સેવાનો પ્રકાર ગોઠવવો વધુ હિતાવહ રહે છે. ) **तुष्यन्तु दुर्जनाः**

(૭) ઘરે બિરાજતી સેવામાં સાંજે અસ્પર્શમાં સ્નાન કરી શ્રીપ્રભુને જગાડ્યા વિના શયનમાં (પોઢવામાં) ધરેલા ઝારી-બીડા સરાવી નવા ધરવાની સેવામાં રોજ પહોંચશે.

(૮) હું રોજ સાંજે જ્યાં શ્રીપ્રભુ પોઢતા હોય ત્યાં શ્રીપ્રભુને દંડવત્ કર્યા વિના સાંજનુ વાળું (રાત્રિભોજન) કરીશ નહીં.

(૯) હું મારા જીવનનું ટાઈમ ટેબલ એ રીતે ઘડીશ કે જેથી હું રોજ સવારે ઓછામાં ઓછા ૩ કલાક સેવામાં કોઈ પણ પ્રકારની લૌકિક વ્યાવૃત્તિ વિના પહોંચી શકું.

(૧૦) હું મનમાં સંકલ્પ કરું છું કે આજે હું થોડો સમય જ સેવામાં પહોંચું છું પણ ધીમે ધીમે આગળ જતાં શ્રીમહાપ્રભુની કૃપાએ મારું સમ્પૂર્ણ જીવન ભગવન્મય બનાવીશ કે જે મારા ગુરુવર્ય શ્રીમહાપ્રભુજીને તથા મારા શ્રીપ્રભુને અત્યન્ત પ્રિય છે. આ સ્થિતિને પામવા ધીમે ધીમે કુટુંબ-કબીલામાંથી આસક્તિ ઘટાડવાનો પ્રયત્ન ચાલુ રાખીશ, દેહને કે ઈન્દ્રિયોને પ્રિય લાગે તેવા સર્વ સુખોપભોગને ધીમે ધીમે ઘટાડતો જઈશ તથા વ્યવહાર વધે તેવો અભિગમ નહીં અપનાવી વ્યવહાર-લૌકિક જીવનમાંથી ઘટે તેવો જીવનનો અભિગમ અપનાવીશ. પલંગ પર કે સુંવાળા પદાર્થો પર સુઈશ નહીં, સ્વાદિષ્ટ વ્યંજનો જમીશ નહીં, અનિવાર્ય હોય તેવા છોડી બાકીના વ્યાવહારિક પ્રસંગોમાં જવાનો ઉત્સાહ રાખીશ નહીં કે દાખવીશ નહીં, જાહેરમાં જ્યાં માન-પ્રતિષ્ઠા મળે ત્યાં જઈશ નહીં કે કોઈ પણ પ્રકારના સન્માનોને સ્વીકારીશ નહીં, સારાં કાર્યો કરીને પણ તેમાં હું મારું નામ આપીશ નહીં કે જાહેર થવા દઈશ નહીં, આ મેં કર્યુ - આ મારું છે - આ મારા માટે છે વગેરે પ્રયોગોને વાણીમાંથી ઉચ્ચારવામાં શકય તેટલો ઘટાડો કરતો રહીશ, પ્રભુકૃપાએ મનમાં જે કંઈ પણ ભક્તિભાવ થાય તેને બીજા આગળ પ્રદર્શિત કરીશ નહીં, સુગન્ધિત દ્રવ્ય સેવા સિવાયના સમયમાં વાપરીશ નહિ, સુગન્ધિત પાન વગરે લઈશ નહીં, ઉત્તમ-રંગબેરંગી-ચિત્રવિચિત્ર વસ્ત્રો કે વેશ ધારણ કરીશ નહીં, સીધા-સાદા અને સેવકોને શોભે તેવાં વસ્ત્ર તથા વેશ દેહ ઢાંકવા ધારણ કરીશ, બીજા લોકો કે પરિવારજનોની મારામાં આસક્તિ વધે તેવી પ્રવૃત્તિઓથી દૂર રહીશ, વ્રત કે ઉત્સવોના દિવસોમાં હજામત (Shaving) કરીશ નહીં - કરાવીશ નહીં. ટી.વી. વિડીયો સિનેમા જોઈશ નહીં, ભક્તિને વધારનાર સાહિત્ય છોડીને બાકીનું સાહિત્ય વાંચવામાં સમય ગુમાવીશ નહીં. કોઈની પણ નિન્દા - સ્તુતિમાં ભાગ લઈશ નહીં. મારા પોતાના દોષોનો પણ વધુ

પડતો વિચાર કરીશ નહીં. ગુરુજનો કે વૈષ્ણવજનોના સંગમાં શક્ય તેટલો રહીશ, જ્યાંથી દોષો સ્પષ્ટ ચિત્તગોચર થાય તેટલા ગુરુજનો વૈષ્ણવજનોના સમીપમાં જઈશ નહીં, ગુરુજનો કે વૈષ્ણવજનો પાસે પણ માત્ર ભગવત્સમ્બન્ધ જેટલો જ સમ્બન્ધ રાખીશ, પણ કોઈ પણ કારણસર ત્યાં લૌકિક ચર્ચા કે કાર્યો થતાં હોય ત્યાં તે સમયે ઉપસ્થિત રહીશ નહીં, ચિત્તમાં લૌકિક વધારનારા એવા દૈનિકો, સાપ્તાહિકો વગરે વાંચીશ નહીં.

## (૩) ઉપર્યુક્ત બન્નેમાંથી કોઈ પણ એક પ્રકારની સેવામાં પ્રયુક્ત થયેલા વૈષ્ણવોએ લેવા યોગ્ય નિયમો.

(૧) સાક્ષાત્ નિકુંજનાયક, નન્દનન્દન, પરાત્પર, પરબ્રહ્મ, પરમાત્મા, શ્રીકૃષ્ણ જ મારા ઘરે સેવામાં સ્વરૂપે બિરાજમાન છે તેવી દઢ ભાવના રાખીશ અને પોતાને ત્યાં બિરાજતા શ્રીપ્રભુમાં અણુમાત્ર પણ ઊણપ છે તેવું ચિત્તમાં લાવીશ નહીં.

(૨) જેમ સ્ત્રીના માટે વિવાહ પછી એનો પતિ જ સર્વસ્વ હોય છે, તેમ મારા ગુરુવર્ય શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ બ્રહ્મસંબંધ દાન વડે સેવામાં અધિકૃત કરી તમે સારી રીતે પ્રેમથી સેવા કરો એ આજ્ઞા સાથે જે ભગવત્સ્વરૂપ પધરાવી આપ્યું છે તે જ મારું સર્વસ્વ છે અને મારા દેહ, પ્રાણ, ઈન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત તથા દુનિયામાં મારું કહેવાતી પૈસો, રત્ન, આભૂષણ, વસ્ત્ર, અન્ન સહિત દરેક વસ્તુ માત્રનો તે સ્વરૂપની સેવાર્થે જ વિનિમય કરીશ.

(૩) કોઈ પણ પ્રકારના વ્યાજની કમાણીથી, ભ્રષ્ટાચારની કમાણીથી, રિશ્વત લઈ મેળવેલા દ્રવ્યથી, ગ્રાહક સાથે છેતરપિંડી કરી કમાયેલા દ્રવ્યથી, જુઠું બોલી કમાયેલા દ્રવ્યથી, નિષિદ્ધ પદાર્થોના વ્યવસાયની કમાણીથી (શરાબ, ઈંડા,માંસ, મચ્છી, જનાવરોના અવયવો, ચામડું, દાણચોરી, કાળાંબજાર, વગરેના વ્યવસાયથી), ઉધાર દ્રવ્યથી, ગેરહક્કે મેળવેલા દ્રવ્યથી, જુગાર-સટ્ટો-રેસ-વરલીમટકા-લોટરી વગેરે પ્રકારે પ્રાપ્ત દ્રવ્યથી પોતાની સ્ત્રી દ્વારા કમાયેલા દ્રવ્યથી, માનવવિક્રય-ચરિત્ર વિક્રય-ભગવતસ્વરૂપ વિક્રય -ભગવત્ પ્રસાદ વિક્રય-ચરિત્ર વિક્રય-ભગવત્ કથા વિક્રય-વગેરેથી મેળવેલું દ્રવ્ય,અન્ત્યેષ્ટિ સંસ્કાર-યા બારમા-તેરમામાં પ્રાપ્ત થયેલા દ્રવ્યથી ભગવત્સેવાનો વ્યવહાર કરીશ નહી, પણ ધર્મ, રાષ્ટ્ર અને સમાજમાં ત્રણેમાં ન્યાય-નીતિપૂર્ણ ગણાતા શુદ્ધ અને જાતકમાણીના દ્રવ્ય વડે જ ભગવત્સેવાનો વ્યવહાર કરીશ.

(૪) શ્રીપ્રભુને તથા શ્રીગુરુદેવને પવિત્રા એકાદશી તથા દ્વાદશીએ ધરાવવાના પવિત્રા તથા પૂનમે ધરાવવાની રક્ષા હું મારા હાથે બનાવી તે પવિત્રા તથા રક્ષા ધરાવીશ.

(૫) જેમને શ્રીવલ્લભકુલપરિવાર દ્વારા બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત ન હોય તેવા અબ્રહ્મસમ્બન્ધિઓના ઘરનું કે તેમના હાથનું ખાન-પાન કરીશ નહીં.

(૬) શનિ-મંગળ વગેરે ગ્રહોની પીડા કે ભૂત-પ્રેતાદિ બાધા વગેરેના નિવારણ અર્થે કે પછી જીવનના કોઈ પણ કાર્યની સિદ્ધિને અર્થે ગ્રહોના જપ, ગ્રહોના દાન, ગ્રહોના જે તે વારે ઉપવાસ કરવા કે પછી દેવી દેવતા મહાદેવ વગેરે કોઈના પણ જપ કરવા, તેમની બાધા લેવી, તેમનાં દર્શને જવું, તેમનો પ્રસાદ લેવો, તેમના સંબંધી વ્રતો-ઉત્સવો શિવરાત્રી-નવરાત્રિ વગેરે કરવા. જે તે દેવો સંબંધી યજ્ઞ યાગાદિ કરવા કરાવવા, દેવી દેવતા વગેરેની ઘરે કે બહાર પૂજા-અર્ચના વગરે કરવા, કરાવવા, વગેરે આચરીશ નહી, તેમજ તેમના જપ, પાઠ, પૂજા, અર્ચના વગેરે નહીં કરવાથી દુષ્પરિણામ આવ્યું કે આવી રહ્યું છે તેવું માનીશ કે વિચારીશ નહીં તથા ગ્રહો વગેરેનો કોઈનો પણ ભય રાખીશ નહી અને મનમાં પ્રભુ શ્રીકૃષ્ણનો દઢ આશ્રય રાખીશ, તેમ છતાં પણ જો લૌકિક-મન-બુદ્ધિને કારણે ચિત્તમાં વિક્ષેપ આવશે તો શ્રીવલ્લવભાચાર્યજી વિરચિત નવરત્ન, કૃષ્ણાશ્રય, વિવેકધૈર્યાશ્રય ગ્રંથના અર્થ સહિત પાઠ દ્વારા વિક્ષેપ નિવારણ કરીશ.

(૭) સર્વવેદ-શાસ્ત્ર પ્રતિપાદ્ય પરમાત્મા શ્રીકૃષ્ણને સર્વોપરી નહીં માની અન્યદેવોનું ઈષ્ટ માનનારા તથા તે દેવોના ઉપાસકો-ભક્તો અથવા

પંચદેવોપાસક તથા જેમને વૈષ્ણવ સમ્પ્રદાયની દીક્ષા પ્રાપ્ત નથી તેવા અવૈષ્ણવોના મુખથી ઉચ્ચારેલી વાણીનું શ્રવણ કરીશ નહી તેમજ તેવાઓના મુખથી શ્રીમદ્ભાગવતની કથા અથવા ભક્તિમાર્ગનો ઉપદેશ શ્રવણ કરીશ નહીં.

(૮) સેવામાં શ્રીપ્રભુની અદબ જાળવી હું ક્યારેય ઊંચા સાદે બોલીશ નહીં અને તેમ છતાં ભૂલ થઈ જાય તો તે દિવસે બે કલાક મૌન પાળીશ.

(૯) ઘરે ૧૦ નોકરો હોવા છતાં પણ શ્રીપ્રભુની સેવાનો કોઈ પણ વ્યવહાર કે કોઈ પણ કાર્ય (સેવા ઉપરાંત સેવાને અર્થે વાસણ માંજવાં, વસ્ત્ર ધોવાં, સોહિની કરવી એટલે કે બુહારી કરવી, મંદિર વસ્ત્ર કરવું એટલે કે સેવાની જગ્યામાં પોતાં કરવા, સામગ્રી સિદ્ધ કરવી, ફૂલની સેવા કરવી, વગેરે જે પરિચર્યામાં ગણાય છે તે સર્વ) હું મારા હાથે જ કરીશ, નોકરો પાસે કરાવીશ નહીં.

(૧૦) હું ઘરે સેવાનો એટલો જ વિસ્તાર રાખીંશ જેથી નોકરો વગેરેની સહાયતા વિના પોતાના હાથે જ બધી સેવા થઈ શકે.

(૧૧) મહાપ્રભુ શ્રીવલ્લભચાર્યચરણ પ્રદર્શિત દિવ્યસિદ્ધાંતોનું કોઈ પણ પ્રકારની લજ્જા રાખ્યા વિના - નિઃસંકોચ જાહેરમાં દરેકના વચ્ચે વિના ભયે સમર્થન કરીશ - સિદ્ધાંતોને બિરદાવીશ.

(૧૨) નિઃસ્વાર્થ, સિદ્ધાંતનિષ્ઠ, સાંપ્રદાયિક વિદ્વાન વ્યક્તિઓ પાસેથી શ્રીમહાપ્રભુના સિદ્ધાંતનની હું યોગ્ય સમજ મેળવીશ તથા તે સિદ્ધાંતોનું સમર્થન કરીશ અને અપસિદ્ધાંતો અથવા સિદ્ધાંત વિરુદ્ધ ઉચ્ચારણ થતું હોય અથવા સિદ્ધાંતને મારી મચોડી રજૂ કરવામાં આવતો હશે ત્યાં કોઈની પણ શેહ-શરમ રાખ્યા વિના વિવેકપૂર્વક તેનો સ્પષ્ટ વિરોધ કરીશ અને જો સ્પષ્ટ વિરોધ દાખવવામાં સાહસ ન કેળવી શકું તો યે તેવા વ્યક્તિઓનું ખોટી રીતે સમર્થન નહીં જ કરીશ.

(૧૩) ઘરે બિરાજતા શ્રીપ્રભુના વિવિધ મનોરથો હું પોતાના દ્રવ્યમાંથી જ કરીશ, બીજાના પૈસે મનોરથ કરીશ નહીં, તેમજ બીજાને ત્યાં મનોરથમાં મારા શ્રીપ્રભુને પધરાવીશ નહીં.

## (૪) ઘરમાં સેવા બિરાજતી હોવા છતાં પણ જે લોકો સેવામાં નહીં પહોંચતા હોય તેવા વૈષ્ણવોએ લેવા યોગ્ય નિયમો –

(૧) હું અધિકમાસ દરમિયાન અથવા અમુક માસ દરમિયાન રોજ ઘરે બિરાજતા શ્રીપ્રભુના ચરણસ્પર્શ કર્યા વિના અન્ન ગ્રહણ કરીશ નહીં.

(૨) હું અધિકમાસ દરમિયાન ઘરે બિરાજતા શ્રીપ્રભુની સેવામાં નિત્ય પહોંચતા પરિવારજનોને સેવામાં મારાથી જયાં અને જે રીતે બને તે રીતે મદદરૂપ થવાનો પ્રયત્ન કરીશ.

(૩) ઘરે બિરાજતા શ્રીપ્રભુને દંડવત્ કરી પછી જ વ્યવહારના બીજા કાર્યોમાં પ્રવૃત્ત થઈશ.

(૪) ઘરે બિરાજતા શ્રીપ્રભુનાં દર્શન-દંડવત્ કર્યા વિના અન્ન ગ્રહણ કરીશ નહીં.

(૫) ઘરે બિરાજતા શ્રીપ્રભુને માટે ફળ-ફૂલ વગેરે બજારમાંથી હું પોતે ખરીદીને લાવીશ.

(૬) ઘરે બિરાજતા શ્રીપ્રભુ માટે ફળ-ફૂલ વગેરે બજારમાંથી હું પોતે લાવીશ તથા તેને પ્રભુને ભોગ ધરવા યોગ્ય સિદ્ધ કરી સમારી શ્રીપ્રભુને ભોગ ધરવા સેવામાં પહોંચતા પરિવારજનોને સોંપીશ. તેમજ સમારવાં જરૂરી દરેક પ્રકારની શુદ્ધિની જાળવણી કરીશ.

(૭) ઘરે બિરાજતા શ્રીપ્રભુની પાસે બેસી રોજ તે તે સમયના એક કીર્તનને સંકોચ રાખ્યા વિના ઉચ્ચ સ્વરે ગાઈશ.

(૮) હું પ્રભુને સુંદર પ્રકારે કીર્તન સંભળાવી શકું તે માટે જાણકાર પાસેથી કીર્તન ગાવાનું જ્ઞાન મેળવીશ.

(૯) પ્રભુને સુંદર, મધુર, સ્વાદિષ્ટ ફળો ભોગ ધરી શકાય તે અર્થે જાણકારો પાસેથી ફળોની પરખ કરવાનું જ્ઞાન મેળવીશ.

(૧૦) સુંદર અને પુષ્ટિમાર્ગીય રીત પ્રમાણેની માળાજી (પુષ્ટમાળા) પ્રભુને અંગીકાર કરાવવા જાણકારો પાસેથી કલાત્મક સુંદર માળાજી સિદ્ધ કરવાનું જ્ઞાન મેળવીશ.

(૧૧) ઘરે બિરાજતા શ્રીપ્રભુને અર્થે રોજ હું મારા હાથે જ પુષ્પની માળાજી સિદ્ધ કરવાની સેવા કરીશ તેમજ શ્રીમાળાજી સિદ્ધ કરવા માટે જરૂરી દરેક પ્રકારની શુદ્ધિની જાળવણી કરીશ.

(૧૨) શ્રીપ્રભુને ભોગ ધરવા અર્થેની સામગ્રીમાં વપરાતા પદાર્થો અનાજ-મસાલા વગેરે વીણવા-ચાળવા વગેરેની સેવા હું મારા હાથે જ કરીશ.

(૧૩) (પુરુષો માટે) સેવાનાં કાર્યોમાં આ કામ તો બૈરાઓનું કહેવાય અમારા પુરુષોનું નહીં તેવો પુરુષત્વનો અહંકાર છોડી જે પ્રાપ્ત હોય તે બધી જ સેવા ખૂબ જ ભાવ અને શ્રદ્ધાથી કરીશ.

(૧૪) ઉપર જણાવેલી સેવાઓમાંથી જે જે પણ સેવાના નિયમ લીધા હોય તે દરેક સેવા ખૂબ જ ધ્યાનપૂર્વક-કુશળતાથી અને સાક્ષાત્ પ્રભુને અંગીકાર કરાવવાની છે તેવી ભાવનાથી કરીશ અને તે તે સેવાનાં કાર્યોમાં આળસ કે પ્રમાદ કરીશ નહીં તથા વેઠ ઉતારીશ નહીં.

(૧૫) સેવા અર્થે જે જે પણ નિયમ લીધા હોય તેને સેવામાં પોતાને ઉપયાગી લોકો સિવાયના બીજા કોઈ આગળ નિયમ લીધા છે તે બાબતને જાહેર કરીશ નહીં.

(૧૬) જે નિયમ લીધા છે તે નિયમોનો કોઈ દિવસ કોઈ પણ કારણથી ભંગ થઈ જાય તો તે દિવસે ઉપવાસ કરીશ અને તે દિવસે કંઈ અન્ન ગ્રહણ થઈ ગયું હોય તો બીજા દિવસે ઉપવાસ કરીશ.

(૧૭) ઉપર્યુક્ત સેવા સંબંધના નિયમ લીધા પછી મેં આટલી સેવા કરી કે હું આટલું કરુ છું તેવો અહંકારનો ભાવ મનમાં આવવા દઈશ નહીં તથા જે કંઈ પણ સેવાનો નિયમ લઈ શકાયો છે તે માત્ર પ્રભુની પ્રેરણા અનુગ્રહથી જ લઈ શકાયો છે અને જે નિયમ નિભાવાઈ રહ્યા છે તે પણ પ્રભુ જ નિભાવડાવી રહ્યા છે તેવું જ મનમાં વિચારીશ તેમ છતાં પણ જો ક્યારેય થોડીક ક્ષણો માટે પણ જો તેવો અહંકારભાવ આવી જાય તો તે અહંકારને દોષરૂપ ગણી સર્વ દોષના નિવારક પ્રભુશ્રીકૃષ્ણ છે તેથી શરણમંત્ર અષ્ટાક્ષર (શ્રીકૃષ્ણઃશરણં મમ)ની પાંચ માળા જેટલો જપ કરીશ.

(૧૭) ઘરે બિરાજતા શ્રીપ્રભુની સેવામાં (અસ્પર્શમાં સ્નાન કર્યા વિના જે થઈ શકે તેવી બહારથી સેવાઓ) ઓછામાં ઓછા ------- કલાક (૧-૨-૩-૪ જે અનુકૂળ હોય તેટલા કલાક) સેવા કરીશ.

## (૫) જે લોકો વૈષ્ણવો છે પણ સ્વરૂપસેવામાં રુચિ નથી અથવા તો તેમની માન્યતાએ પુષ્ટિમાર્ગીય સેવા કરવામાં તેમની પરિસ્થિતિ અનુકૂળ નથી તેવા લોકોએ લેવા યોગ્ય નિયમો.

### (જપ -પાઠ વગેરે)

(૧) હું રોજ અષ્ટાક્ષરના ઓછામાં આછા ૧૧ માળા જેટલા જપ સવારે પવિત્રતામાં સ્નાન કરી કરીશ.

(૨) (જેમને બ્રહ્મસંબંધ પ્રાપ્ત હોય ફક્ત તેમને માટે) હું રોજ પંચાક્ષરમંત્રના ત્રણ માળા જેટલા જપ સવારે પવિત્રતામાં સ્નાન કરી કરીશ.

(૩) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી શ્રીમદ્ભાગવતના એક, ત્રણ, પાંચ, સાત કે દસ અધ્યાયનો પાઠ કરીશ.

(૪) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી શ્રીમદ્ ભાગવત દશમસ્કન્ધના એક, બે, ત્રણ કે નવ અધ્યાયનો પાઠ કરીશ.

(૫) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી શ્રીમદ્ભાગવત દશમસ્કન્ધ જન્મપ્રકરણ (અધ્યાય ૧થી૪) નો પાઠ કરીશ.

(૬) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી શ્રીમદ્ભાગવત રાસપંચાધ્યાયી (પ્રચલિત ભાગવતમાં અધ્યાય ૨૯ થી ૩૩) નો પાઠ કરીશ.

(૭) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી શ્રીમદ્ ભાગવત દશમ સ્કન્ધના વેણુગીત, ગોપીગીત, યુગલગીત, ભ્રમરગીતનો પાઠ કરીશ.

(૮) ઉપર જણાવેલ નંબર ૪ થી ૭ માંનો કોઈ પણ એક પાઠ શ્રીસુબોધિની સહિત રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી કરીશ.

**(શ્રીસુબોધિનીજી સહિત પાઠનો નિયમ લેવામાં આવે ત્યારે રોજના વધુમાં વધુ એક કે બે અધ્યાયો જ અનુકૂળ થઈ શકે છે તેથી તે મુજબ નિયમ લેવા)**

(૯) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી સંપૂર્ણ શ્રીમદ્ ભગવદ્ ગીતાનો (પહેલા અધ્યાયથી ૧૮મા અધ્યાય સુધીનો) પાઠ કરીશ.

(૧૦) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી શ્રીમદ્ભગવદ્ ગીતાના એક અધ્યાયનો પાઠ કરીશ.

(૧૧) હું રોજ પવિત્રતામાં સ્નાન કરી શ્રીમદ્ ભગવદ્ગીતાના પુરુષોત્તમ-યોગ (૧૫મા અધ્યાય) નો પાઠ કરીશ.

(૧૨) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી શ્રીમદ્ ભગવદ્ગીતાના ભક્તિયોગ (૧૨મા અધ્યાય) નો પાઠ કરીશ.

(૧૩) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી શ્રીપુરુષોત્તમનામસહસ્રનો પાઠ કરીશ.

(૧૪) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી ષોડશગ્રંથ (યમુનાષ્ટકથી સેવાફલ સુધી) નો પાઠ કરીશ.

(૧૫) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી યમુનાષ્ટકના ૩,૫,૯,૪૧ અથવા ૧૦૮ (આમાંથી ગમે તે એક સંખ્યામાં નક્કી કરવી) પાઠ કરીશ.

(૧૬) હું રોજ કૃષ્ણાશ્રયનો ૧ અથવા ૧૧ પાઠ પવિત્રતામાં સ્નાન કરી કરીશ.

(૧૭) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી સર્વોત્તમ સ્તોત્રના ૧,૩, ૫,૧૧ અથવા ૩૫ પાઠ કરીશ.

(૧૮) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી સર્વોત્તમ સ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક તથા સ્ફુરત્ કૃષ્ણપ્રેમામૃતનો એક એક પાઠ કરીશ.

(૧૯) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી સર્વોત્તમસ્તોત્ર, નામરત્નાખ્યસ્તોત્ર, યમુનાષ્ટક, સિદ્ધાંત રહસ્ય, નવરત્ન, કૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, મધુરાષ્ટકનો એક એક પાઠ કરીશ.

(૨૦) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન શ્રીયમુનાજીના ૪૧ પદોનો ૧ વાર યા ૪૧ વાર પાઠ કરીશ.

(૨૧) હું રોજ સવારે પવિત્રતામાં સ્નાન કરી અષ્ટાક્ષરના સંપુટમાં પંચાક્ષર (અષ્ટાક્ષર પંચાક્ષર અષ્ટાક્ષર, અષ્ટાક્ષર પંચાક્ષર અષ્ટાક્ષર, અષ્ટાક્ષર પંચાક્ષર અષ્ટાક્ષર આ રીતે) ની એક માળાનો અથવા ત્રણ માળા જેટલો જપ કરીશ.

### (બીજાં લેવાં યોગ્ય નિયમો)

(૨૨) શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને બરાબર સમજવા માટે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સ્પષ્ટ કરતા સાહિત્યનું રોજ હું એક કલાક-બે કલાક મનન સહિત વાંચન કરીશ.

(૨૩) અમારા ગુરુવર્ય શ્રીવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોને જે જે કર્તવ્ય પાલનની આજ્ઞાઓ કરી છે તેની યોગ્ય વ્યક્તિમાંથી યોગ્ય જાણકારી મેળવી શક્તિ અને સ્થિતિ મુજબ જેટલી બને તેટલી આજ્ઞાનું પાલન કરવાના પ્રયત્નો આરંભીશ અને તેમાં ધીમે ધીમે પણ આગળને આગળ

વધવાનો પ્રયત્ન કરીશ.

(૨૪) હું રોજ સત્સંગ, કથા, કીર્તન, પ્રવચન વગેરેમાં ઓછામાં ઓછા દોઢથી બે કલાક ગાળીશ.

(૨૫) જ્યાં ધર્મની, શ્રીપ્રભુની, ગુરુની, સંપ્રદાયની કે વૈષ્ણવોની, નિંદા થતી હશે અને તે વખતે ત્યાં હું હાજર હોઈશ તો તેનો કલેશ-વેર કર્યા વિના પણ મક્કતાથી વિરોધ કરીશ અને તેમ છતાં પણ જો મારી અસમર્થતાને કારણે વધુ કંઈ કરી ન શકું તો ત્યાંથી ચાલ્યો જઈશ, પણ નિન્દા સાંભળતો બેઠો રહીશ નહીં.

(૨૬) હું મારા સ્વાર્થને લઈ પ્રભુ પાસે કોઈ પ્રાર્થના કરીશ નહીં.

(૨૭) હું કોઈ પણ બાબતે પ્રભુ પાસે કોઈ પણ પ્રકારે પ્રાર્થના કરીશ નહીં.

(૨૮) હું અભિમાન-અહંકારથી નીકળેલા ગર્વ દર્શાવતાં વાક્યોની વાણી ઉચ્ચારીશ નહી અને તેના માટે હું પણ પ્રભુનો સેવક છું અને બીજાપણ પ્રભુના સેવક છે તેવી ભાવના વારંવાર વખતો વખત મનમાં વિચાર્યા કરીશ અને તેમ છતાં પણ જૂની આદતને લઈ કોઈવાર અભિમાનભરી-ગર્વીલી વાણી મુખથી નીકળી જાય તો તેવા વખતે અષ્ટાક્ષર મંત્રની બે માળા જેટલો જપ કરીશ.

(૨૯) મારા પર જ્યારે જયારે આધિ, વ્યાધિ કે ઉપાધિ આવી પડે ત્યારે ત્યારે ગભરાઈને હું શ્રીકૃષ્ણ પ્રભુથી ઈતર બીજા દેવી દેવતાઓનો આશ્રય કરીશ નહીં કે તેમની કોઈ માનતા માનીશ નહીં.

(૩૦) અધિકમાસ-શ્રાવણમાસ-ચતુર્માસ જેવા પવિત્ર દિવસોમાં અથવા દીવાળી - હોળી જેવા ઉત્સવોના દિવસોમાં હું ઘરે નહીં રહેતાં નાથદ્વાર, વ્રજ, જગન્નાથપુરિ, તિરુપતિબાલાજી, શ્રીરંગજી, પંઢરપુર શ્રીવિઠ્ઠલનાથજી, ડાકોર શ્રીરણછોડરાયજી, અથવા ચમ્પારણ્યમાં કે ભક્તિમાર્ગીય હોય તેવા યાત્રા સ્થળોમાં વિચરણ કરીશ.

## (યાત્રાના નિયમો)

**(૩૧) પાછળ નં. ૩૦માં જણાવેલ યાત્રા સ્થળોમાં નીચે જણાવ્યા મુજબના નિયમોને પણ બરાબર પાળીશ.**

(૧) યાત્રામાં સાથે જરૂરિયાત મુજબ ઓછામાં ઓછો સામાન સાથે રાખીશ.

(૨) યાત્રા દરમિયાન બ્રહ્મચર્યનું કડકાઈથી પાલન કરીશ.

(૩) યાત્રા દરમિયાન પરિગ્રહ (બીજાનાં અન્ન,વસ્ત્ર, દ્રવ્ય વગેરે સ્વીકારવા યા દાન, ભેટ, બક્ષિસ વગેરે લેવા) નહીં કરું.

(૪) યાત્રા દરમિયાન હું સાત્ત્વિક આહાર જ લઈશ **સાત્ત્વિક આહાર :-** દૂધ તથા દૂધની બનેલી વસ્તુઓ, દહીં તથા દહીંની બનેલી વસ્તુઓ, ફળ તથા ફળોના રસ, **શાકભાજી** -કાંદા, લસણ, મૂળા, મોગરી, ગાજર, કોબીજ, ફુલાવર, ટમાટર, બીટ વગેરે તામસ રાજસમાં ગણાતાને છોડીને બાકીના શાકભાજી, મસૂરની દાળ છોડીને બાકીના અન્નના પ્રકારો સારી રીતે સિજાવેલા શેકેલા યા ભૂંજેલા હોય, ઉપર બુજબના પદાર્થો તાજા (વાસી ન હોય તેવા), સડેલા, ગન્ધ મારતા કે લાળ નીકળતા ન હોય તેવા,સ્વાદિષ્ટ, તીખાતમતમતા - વધુ પડતા ખાટા-ખારા ન હોય તેવા, વધુ પડતા મસાલા વિનાના તથા પ્રમાણસર મસાલાવાળા, બને ત્યાં સુધી તળેલા ન હોય અથવા તેલનો વધુ પડતો ઉપયોગ ન થયો હોય તેવા અતિ ગરિષ્ઠ ન હોય પણ પચવામાં જે હલકા હોય તેવા, ઋતુ અને કાળને અનુકૂલ હોય તેવા, આયુર્વેદમાં જેનો નિષેધ છે તેવા ભેળસેળ વિનાના (જેમકે દૂધ અને લૂણની વસ્તુઓનું ભેળસેળ, દૂધમાં કેરી છોડીને બાકીના ફળોના મિશ્રાણવાળા વગેરેની ભેળસેળ, કોઢ-એસીડીટી વગેરે રોગકારક હોઈ નિષિધ્ધ છે) આ બધા પ્રકારના પદાર્થો પણ પવિત્ર સ્થાનમાં બનેલા હોવા જોઈએ, પવિત્ર રીતે બનેલા હોવો જોઈએ, પોતાની (ખાનારની) પવિત્ર અવસ્થા જોઈએ અને પવિત્ર સ્થાનમાં બેસીને પવિત્રાપૂર્વક લેવાયેલા

હોવા જોઈએ (**ભગવત્ પ્રસાદ લેવામાં પણ આમાં જણાવેલા નિયમોનો વિચાર અવશ્ય કરવો. ઉપર મુજબના અનુકૂળ પદાર્થો છોડી બાકીના ગરિષ્ઠ પદાર્થોનો પ્રસાદ; માત્ર પ્રસાદ તરીકે રંચક-કણિકા લઈ પ્રસાદનો આદર કરવો. પણ દેહ પોષણ ઉપર મુજબના નિયમથી જ કરવું.)**

(૫) યાત્રા દરમિયાન હું હજામત નહીં કરીશ કે કરાવીશ પોતાની જાતે પણ નહીં અને નાઈ દ્વારા પણ નહીં)

(૬) યાત્રા દરમિયાન વ્યસનમાં ગણાતા કોઈ પદાર્થ નહીં સેવું

(૭) યાત્રા દરમિયાન હું એકટાણું કરીશ.

(૮) યાત્રા દરમિયાન નાગરવેલના પાનનો ઉપયોગ નહીં કરીશ.

(૯) યાત્રા દરમિયાન સુગન્ધીવાળા તેલ માથે નાંખવા કે પાવડર ક્રિમ, સ્નો, લિપસ્ટિક વગેરે સૌન્દર્ય પ્રસાધનોનો ઉપયોગ નહીં કરીશ.

(૧૦) યાત્રા દરમિયાન રોજ સવારે મોડામાં મોડા ૪-૦૦ વાગે ઊઠી જઈશ અને તરત જ સ્નાન વગેરેથી પરવારી જપ-પાઠનો ક્રમ પૂરો કર્યા પછી જ દૂધ-નાસ્તો વગેરે કંઈ પણ ગ્રહણ કરીશ (તેના પહેલા કંઈ નહીં લઉં)

**(૧૧) યાત્રા દરમિયાન જ્યાં જ્યાં પણ ભગવન્મંદિરો હોય ત્યાં જેટલા પણ સમાનાં દર્શન થતાં હશે તે દરેક દર્શનનો લાભ લઈશ.**

**(૧૨) યાત્રા દરમિયાન જ્યાં ભગવન્મંદિરો હોય ત્યાં જે પ્રાપ્ત થઈ શકે તેવી શરીરથી થતી સેવાઓ વધુને વધુ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીશ.**

**(૧૩) યાત્રા દરમિયાન ભગવન્મંદિરોમાં યથાશક્તિ સેવામાં દ્રવ્યનો વિનિમય કરીશ તથા યથાશક્તિ બ્રાહ્મણો, ગરીબો વગેરેમાં દ્રવ્યનો વિનિમય કરીશ.**

**(૧૪) યાત્રા દરમિયાન વ્રતો - ઉત્સવો - પર્વો પર (જન્માષ્ટમી, રાધાષ્ટમી, વામનજયંતી, એકાદશી, પૂર્ણિમા, અમાવાસ્યા, ગ્રહણ, દશેરા, અથવા જ્યોતિષના વિશેષ યોગો મુજબના અર્ધોદય વગેરે પર્વ પર) વિશેષ પ્રકારે દાન, પુણ્ય, સ્નાન, જપ, પાઠ વગેરે કરીશ.**

(૧૫) યાત્રા દરમિયાન યાત્રા સ્થળો પર સ્થાનિક બ્રાહ્મણો, પંડાઓ વગેરે દ્વારા જો વાણી કે વ્યવહારમાં અતિરેક થાય તો પણ તેમના પ્રત્યે હીનભાવના લાવ્યા વિના તેમનું યથાશક્ય સમાધાન કરીશ અને તેમ છતાં પણ જો સમાધાન કરવામાં અસમર્થતા હશે તો પણ તેમના પ્રત્યે ક્રોધભર્યા હીન અથવા અપમાનભર્યા શબ્દો ઉચ્ચારીશ નહીં.

(૧૬) યાત્રા દરમિયાન જરૂરી દૈનિક ક્રિયાઓ ઉપરાંતનો બાકીનો સર્વ સમય લૌકિક કે નકામી પ્રવૃત્તિઓમાં વેડફ્યા વિના સેવા, સ્મરણ, જપ, પાઠ, કીર્તન, શ્રવણ , સત્સંગ, દર્શન, ધર્મ અને ભક્તિનું જ્ઞાન આપતા પુસ્તકોનું પઠન વગેરે આધ્યાત્મિક તથા આધિદૈવિક કાર્યોમાં જ સમય વ્યતીત કરીશ.

(૧૭) યાત્રા દરમિયાન છત્ર જોડા-ચપ્પલ વગેરે, પલંગ, રૂની ગાદી,રૂની રજાઈ વગેરે, ભોજન માટે વન્ય પાત્ર (પાતળ-દોના) થી ઈતરનાં પાત્રો, ચરબીના મિશ્રણવાળા સાબૂ, ગળી (ધોએલાં કપડા માટે વપરાય છે તે), અનેક પ્રાણીઓની હિંસા કરી બનેલા પરફ્યુમ- સેન્ટો, ક્રૂર-ઘાતકી રીતે બનેલી ક્રોમલેધરની વસ્તુઓ જુદા જુદા અત્તરો, કોડલીવરઓઈલ જેવી ઘાતકી રીતે બનેલી દવાઓ, સ્વમૂત્ર પાન (to drink self-urine) ભારતીય વેશ-ભૂષા સિવાયની વેશભૂષાઓ, રેડિયો સાંભળવો, ટીવી જોવું, ભક્તિથી અલગ એવી બાબતોની વીડીઓ તથા ઓડીઓ કેસેટો-સીડી વગેરેનો ઉપયોગ, દૈનિક, સાપ્તાહિક પત્રોનું વાંચન, સિનેમાના કે ભક્તિ વિનાનાં ઈતર ગીતો ગાવા-ગુનગુનાવા, પોતાના વ્યાપારની કે ગૃહકાર્ય સંબંધની બાબતોનું સંચાલન કરવું યા તે માટે સમય ગાળવો, યંત્રથી ચાલતા અથવા

પ્રાણીઓ યા મનુષ્યથી વહન થતા કોઈ પણ પ્રકારના વાહનોનો ઉપયોગ, સટ્ટો-જુગાર રમવા, કોઈ પણ સ્ત્રી સાથે એક આસન પર બેસવું (સ્ત્રી હોય ત્યાં પુરુષ સાથે એમ જાણવું) રસ્તામાં પડેલા નધણિયાતા બિનવારસી દ્રવ્યનો સ્પર્શ કરવો કે પાસે રાખવું, કાળાબજારથી લાવેલી યા લાંચ રિશ્વતથી મેળવેળી વસ્તુઓ, પોતાને અર્થે, દેવ અર્થે કે ધર્મ અર્થે ઉપયોગ કરવો, યાત્રાના કોઈ પણ અર્થે (સેવા ધર્મ કે સ્વનિર્વાહ અર્થે) દેવું કરવું, ભૂખ્યાની સામે ખાવું,તરસ્યાની સામે પીવું, બીજાઓથી પોતાની પૂજા કરાવવી યા પ્રશસ્તિ કરાવવી, દેવ-ગુરુની નિંદા કરવી, કોઈની પણ નિંદા - સ્તુતિમાં ભાગ લેવો, દેવ-ગુરુની બીજાઓના મધ્યે થતી નિંદા સાંભળતા બેઠા રહેવું, અભદ્ર-અશોભનીય અથવા તો અતિશય લૌકિક ચર્ચાઓ સાંભળતા બેઠા રહેવું, દેવ-ગુરુને પ્રાપ્ત સમયમાં પણ પ્રણામ ન કરવા, દેવ-ગુરુનો એંઠા મોંએ કે એંઠા હાથે વન્દનાદિ ઉચ્ચારણ કે ક્રિયા દ્વારા સત્કાર કરવો, દેવ-ગુરુ આગળ છત્ર, પાદત્રાણ, વાહનનો ઉપયોગ કરવો, દેવ-ગુરુ સામે પગ પર પગ ચઢાવી બેસવું યા પીઠ ફેરવી બેસવું, દેવ-ગુરુ આગળ સમાન યા તેથી ઊંચા આસને બેસવું, દેવ-ગુરુ અર્થે લૌકિક યા હીન કે તોછડા શબ્દોનો પ્રયોગ કરવો, દેવ-ગુરુ સામે હાથને બગલ તરફ દબાવી અદબ મારી બેસવું યા ઊભા રહેવું, બે પગમાં આંટી મારી સુઈ જવું, મધ્યરાત્રીના યા બ્રાહ્મમુહૂર્તથી પૂર્વ કોઈ પણ જલાશયનો ઉપયોગ કરવો, એક સૂર્યમાં (સૂર્યોદયથી સૂર્યાસ્તના વચમાં) બે વખત અન્ન લેવું, જમતાં જમતાં ભાણા પરથી એકવાર ઊભા થઈ ફરી પાછા તે જ ભાણા પર બેસી આગળનું ભોજન આરંભવું, સંધ્યાકાળમાં ભોજન કરવું, જમવામાં અન્નનો બગાડ કરવો, બીજાને પોતાનું ઉચ્છિષ્ટ આપવું, આશૌચ-અપવિત્ર કાલ યા અવસ્થામાં યાત્રા કરવી (ગ્રહણ હોય કે સૂતક હોય, રજસ્વલા સ્ત્રી હોય કે પછી સંડાસ જઈ સ્નાન કર્યા વિના યાત્રા કરવી), ગુરુ યા પુરોહિત વિના યાત્રા કરવી, વિશિષ્ટ-અસાધારણ કારણ વિના યાત્રા વચમાં જ છોડી દેવી, આ બધી જ જણાવ્યા મુજબની બાબતો નિષિદ્ધ છે, તેથી યાત્રા કરનારે તેનો સર્વથા ત્યાગ કરવો. આ બધી જ બાબતોથી સર્વથા દૂર રહીશ અને આ બધી જ વાતોનો હું યાત્રા દરમિયાન ત્યાગ કરીશ.

(૩૨) લીધેલા નિયમના જપ-પાઠ પતાવ્યા વિના હું ચા દૂધ-નાસ્તો વગેરે કંઈ પણ ગ્રહણ કરીશ નહીં

(૩૩) હું (શ્રાવણમાસ-અધિકમાસ-યા ચતુર્માસ દરમિયાન) ટીવી વીડીઓ કે સિનેમા જોઈશ નહીં

(૩૪) ઉપર જણાવેલા સમય દરમિયાન હું હોટલ,લોજ, વીશી,દુકાન કે લારી પરથી તૈયાર બનેલા ભોજ્ય પદાર્થો આરોગીશ નહીં.

(૩૫) ઉપર જણાવેલા સમય દરમિયાન સટ્ટો, જુગાર, લોટરી, રેસ, વરલીમટકા, આંકડા વગેરેની પ્રવૃત્તિઓથી સર્વથા દૂર રહીશ.

(૩૬) ઉપર જણાવેલા સમય દરમિયાન જે આવક થાય તેનો ૧૦મો ભાગ ધર્મના, સત્કાર્યોમાં વાપરીશ.

(૩૭) ઉપર જણાવેલા સમય દરમિયાન કોઈ પણ પ્રકારના વ્યાજમાંથી થયેલી કમાણીથી જીવન નિર્વાહ નહીં કરું.

## ધર્મગ્રંથોનો આદર

(૩૮) હું મારા ધર્મગ્રંથોનો દરેક રીતે આદર જાળવીશ.

   (૧) ધર્મગ્રંથને પગ લાગવા દઈશ નહીં.

   (૨) ધર્મગ્રંથના તરફ પગ લાંબા કરીશ નહીં.

   (૩) ધર્મગ્રંથને એંઠી કે અપવિત્ર જગ્યામાં અથવા તો એંઠી કે અપવિત્ર વસ્તુઓ જોડે મૂકીશ નહીં.

(૪) ધર્મગ્રંથને હાથમાંથી નીચે યથાસ્થાન ધીમેથી આદરપૂર્વક મૂકીશ - ફેંકીને કે થોડા ઊંચેથી પટકીને ધર્મગ્રંથનો અનાદર નહીં કરું.

(૫) ધર્મગ્રંથને એંઠા-અશુદ્ધ હાથે સ્પર્શ કરીશ નહીં.

(૬) જમતાં, સૂતાં, જોડા-ચપ્પલ પહેરેલી અવસ્થામાં સંડાસ જઈ સ્નાન કર્યા વિના સૂતક-રાજસ્વલા વગેરે અશુદ્ધ અવસ્થામાં ધર્મગ્રંથનું વાંચન કરીશ નહીં.

(૭) પવિત્ર અવસ્થામાં, પવિત્રજગ્યામાં, ધર્મગ્રંથોને ઈશ્વરનું રૂપ માની સામે બેસી, શરીરના વિનાકારણ હલન-ચલન વિના, અક્ષરો અડધા વંચાય-અડધા ન વંચાય તેવી ઉતાવળ કર્યા વિના, ઉચ્ચ સ્વરે બોલ્યા વિના આદર શ્રદ્ધા અને જિજ્ઞાસાપૂર્વક ધર્મગ્રંથોનું યથાશક્ય વાંચન કરીશ.

(૮) ધર્મગ્રંથોમાં જણાવાયેલી બાબતો પોતાના વિચારોથી સંગત ન થતી હોય અથવા તો તેવી બાબતોમાં પોતાની સમજ નહીં પહોંચતી હોય તેથી ધર્મગ્રંથોની તે બાબતો અસત્ય યા અપૂર્ણ છે તેવા ધર્મગ્રંથો પર આક્ષેપ કરીશ નહીં કે તેવું માનીશ નહીં, પણ ધર્મગ્રંથની તે બાબતોમાં પોતાની બુદ્ધિની ઊણપને વિચારીશ.

(૯) હું મારા કોઈ પણ ધન કરતાં ધર્મગ્રંથોને વધુ કીંમતી સમજી તેની ઉચિત જાળવણી કરીશ.

## (વૈષ્ણવવ્રતો અને તેના નિયમો-)

(૩૯) સમય-સમય પર પ્રાપ્ત થનારા પ્રત્યેક (પુષ્ટિમાર્ગમાં સ્વીકાર્ય) એવા વૈષ્ણવ વ્રતોને કરીશ (વૈષ્ણવવ્રત-દરેક માસની સુદ-વદની એકાદશીઓ, શ્રીરામનવમી વ્રત (ચૈત્ર સુ-૯), શ્રીનૃસિંહ જ્યંતી વ્રત (વૈશાખ સુદ-૧૪), શ્રીજન્માષ્ટમી વ્રત, (શ્રાવણ વદ -૮), શ્રી વામન જ્યંતી વ્રત (ભાદરવા સુદ-૧૨), આ સિવાયના કોઈ પણ વ્રત વૈષ્ણવવ્રત તરીકે સ્વીકાર્ય નથી) ઉપર જણાવેલા વ્રતો શુદ્ધ પ્રકારે - યથાવિધિ કરીશ. વ્રતના નિયમો :-

(૧) દશમી વેધથી રહિત એવી વૈષ્ણવ એકાદશીએ વ્રત કરવું (આની જાણકારી ટિપ્પણી યા વૈષ્ણવપંચાંગથી મળશે)

(૨) સવારે સૂર્યોદયથી ૧॥ કલાક વહેલા ઊઠી જવું.

(૩) સવારે ઊઠી સ્નાનાદિથી પરવારી ભગવન્નામ સ્મરણ, જપ, પાઠ વગેરે કરવા.

(૪) વ્રતને દિવસે ચા-કોફી વિગેરે કોઈ વ્યસનવાળી વસ્તુઓ લેવી નહીં.

(૫) વ્રતને દિવસે ટી.વી., વી.સી.ડી., સિનેમા વગેરે જોવા નહીં. સિનેમાનાં ગાયનો ગાવા નહીં અને ચાહીને તેવાં ગાયનો સાંભળવા નહીં. તેમજ કોઈ પ્રકારનું અશ્લિલ સાહિત્ય જોવું, વાંચવું નહીં.

(૬) વ્રતના દિવસે બ્રહ્મચર્યનું પાલન કરવું ભગવત્સેવા માટે જરૂરી અથવા ભગવન્નામ સિવાય ઈતર બાબતોમાં મૌન રાખવું.

## (વ્રતમાં વર્જ્ય પદાર્થો)

(૭) અન્ન, કઠોળ, નિષિદ્ધ ગણાતા ટામેટા-મૂળા-કાંદા-લસણ વગેરે શાકભાજી, વેગણ, તુવેર, ચણાનાં પોપટા, લીલા વટાણા, વાલોડ, પાપડી, બધી જાતની ભાજીઓ, ભીંડા, ગવારસિંગ, ચોળાફળી, ફુલાવર, કોબીજ, લીલીમકાઈ વગેરે રોજમાં લેવાતા શાકભાજીઓ, સિંધવ લવણ સિવાયનાં દરેક પ્રકારનાં લવણો, હીંગ, લાલ મરચાં, રાઈ, મેથી, હળદર, ગોળ, સરસવ તેલ, તલ, નાગરવેલનાં પાન, તુલસીપત્ર, દરેક પ્રકારની ધાણી, મમરા, પૌઆ, ચા, કોફી, પદાર્થ સડાવીને બનાવાયેલી કોઈ પણ વસ્તુ, નીરા, કોઈનીપણ એંઠી વસ્તુ, કોઈના એંઠા પાત્રમાં લવાયેલ ભોજન યા પેય પદાર્થ, કોઈની એંઠી જગ્યામાં મૂકાયેલ પદાર્થો તથા ડાલડા-ઘી આટલા પદાર્થો વ્રતમાં વર્જ્ય હોઈ તેનો વ્રતને દિવસે ઉપયોગ કરવો નહીં.

## (વ્રતમાં લેવા યોગ્વ પદાર્થો)

(૮) દૂધ, દૂધના બનેલાં પદાર્થો, દહી, છાશ,માખણ, ઘી  શાકભાજીમાં - દૂધી, પરવળ, બટેટા, સૂરણ,રતાળુ, સકરકન્દ,અળવી, લીલામરચા, કોથમીર, આદુ, લીબું, દરેક પ્રકારના ફળ, સાબુદાણા, દરેક પ્રકારનો સૂકો મેવો, જીરૂ, સિંધવલૂણ, ખાંડ, મિશ્રી, કાળામરી, લવીંગ, એલચી, વરિયાળી, સૂંઠ, ખોપરું, મગફળી, ચારોળી, રાજગરો, કુટી, સિંગોડા, ત્રાણેનો લોટ, તપકીર (અરારોટ), મોરિયો, છેનાની દરેક વસ્તુઓ (દૂધ ફાડી તેમાંથી બનાવેલી), આટલી વસ્તુઓનો ઉપયોગ ભક્ષ્ય તરીકે વ્રતમાં થઈ શકે છે.

(૯)વ્રતને દિવસે બપોરે આડા પડી શકાય પણ નિદ્રા લેવી  નહી તેમજ રાત્રે પણ જાગરણ કરવું અને જ્યાં ભગવન્નામ કીર્તન થતું હોય ત્યાં બેસવું અગર પોતાના ઘરે પવિત્રતામાં ભગવન્નામ સ્મરણ - જપ વગરે કરવા.

(૧૦) વ્રતને દિવસે ઉપર (નં. ૮ માં) જાણાવેલા આહાર પણ જીભના સ્વાદને લઈને અથવા તો ઠસોઠસ પેટ ભરીને  લેવો નહી પણ માત્ર દેહ પોષણ પૂરતો જ લેવો આળસ આવે, નિદ્રા આવે, યા શરીરમાં ભારેપણું લાગે તેટલો - તેવો આહાર લેવો નહી, શક્ય હોય ત્યાં સુધી  દૂધ, દહીં, છાશ, ફળોનો રસ તથા ફળોનો આહાર લેવો વધુ હિતાવહ છે.

(૧૧) વ્રતને દિવસે શક્ય હોય ત્યાં સુધી પોતાના લૌકિક વ્યવહારનાં કાર્યોમાં અપ્રવૃત્ત રહી આધ્યાત્મિક - આધિદૈવિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેવું. જો કોઈ બીજા વ્યાપાર - ઉદ્યોગ વગેરે સંભાળનારા હોય અથવા રજા રાખી શકાતી હોય તો તે વધુ ઉત્તમ છે, તેમ છતાં જો જરૂર પડતી હોય ત્યાં ધંધો -ધાપો જોઈ તેમાં વધારે પડતો રસ ન લેવો. શક્ય હોય ત્યાં સુધી વ્રતને દિવસે અંતિમ ક્રિયા વગેરેમાં ભાગ લેવો - બેસાણામાં જવું કે આશૌચસ્નાન વગેરેથી અળગા રહેવાનો પ્રયત્ન કરવો. વ્રતને દિવસે હજામત કરાવવી નહીં, નખ કાપવા નહીં.

(૧૨) વ્રતની રાત્રિએ-જાગરાણ, બીજે દિવસે બ્રાહ્મ મુહૂર્તમાં સ્નાનાદિથી નિવૃત્ત થઈ પોતાના નિયમના જપ-પાઠ વગેરે કરી તથા અધિકમાં શક્ય હોય તે મુજબ અષ્ટાક્ષર - પંચાક્ષર ના જપ કરી ઘરે શ્રીનાથજીને  અતિપ્રિય એવી ગાયની વિધિવત્ પૂજા કરી ઘરમાં રસોઈ બની હોય તેની બધીજ વસ્તુઓ યથા યોગ્ય પ્રમાણમાં ગાયને ખવડાવી, ત્યારબાદ યથાશક્તિ ૧-૨-૫-૧૦ વૈષ્ણવોને - બ્રાહ્મણોને વ્રજવાસીઓને - ગરીબોને પ્રસાદ લેવડાવી, બ્રાહ્મણો વગેરેનો દક્ષિણા વસ્ત્ર ઈત્યાદિથી યથાશક્તિ યથોચિત સત્કાર કરી ત્યારબાદ પોતે પ્રસાદ લેવો અને તે પછી જ પોતાના વ્યવહારનાં કાર્યો તરફ લક્ષ્ય આપવું.

**(૪૦) હું દરરોજ સવારના સ્નાન કરી કપાળમાં લાલ કંકુથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરીશ.**

**(૪૧) દિવસ દરમિયાન કપાળ તિલક વિનાનું ન રહે તેનો ખ્યાલ રાખીશ.**

**(૪૨) કપાળમાં તિલક અને ગળામાં તુલસીની કંઠી ન હોય તેવા સમયમાં હું અન્ન-જળ ગ્રહણ કરીશ નહીં તથા વાણીથી શબ્દ ઉચ્ચારીશ નહીં.**

**(૪૩) વૈષ્ણવો ની દૈનિક ક્રિયાઓના આરંભ અંગે નિયમો -**

(૧) સવારે જાગી પ્રથમ દૃષ્ટિ શ્રીપ્રભુના ચિત્ર પર નાંખી દર્શન કરીશ, પછી બીજી તરફ દૃષ્ટિ કરીશ.

(૨) સવારે જાગી પ્રથમ ઉચ્ચ સ્વરે ભગવન્નામ બોલીશ, પછી જ બીજા શબ્દ બોલીશ.

(૩) સવારે જાગી પથારીમાં જ બેસી ઓછામાં ઓછા ૧૦  અથવા ૧૦૮ અષ્ટાક્ષરનું સ્મરણ કરીશ.

(૪) દિવસમાં સહુથી પ્રથમ ભગવન્નામ લખ્યા પછી જ બીજી વાતો હાથેથી લખીશ.

(૫) દિવસમાં સહુથી પ્રથમ ભગવત્ પ્રસાદી વસ્તુને મુખમાં લીધા પછી જ બીજું ખાનપાન કરીશ.

(૬) સવારે જાગી સહુથી પ્રથમ શ્રીપ્રભુના ચિત્રને પ્રણામ કર્યા પછી જ બીજી લૌકિક ક્રિયાઓ કરીશ.

(૭) ચા, નાશ્તો, ભોજન વગેરે કોઈ પણ આહાર લેતા પહેલાં દરેક વખતે પાંચ અષ્ટાક્ષરનું સ્મરણ કર્યા પછી જ તેને ગ્રહણ કરીશ.

(૮) (ઘરે શ્રીપ્રભુની સેવા બિરાજતી હોય અને પોતે સેવામાં પહોંચતા ન હોય તો) - રોજ સવારે સ્નાન-પાઠથી પરવારી શ્રીપ્રભુને દંડવત્ પ્રણામ કર્યા પછી જ ઓફિસે કે બીજાં ઈતર કાર્યો માટે બહાર જઈશ.

(૯) (ઉપરમુજબ હોય તો) નોકરી - ઓફિસ-દુકાન વગેરેથી સાંજે ઘરે પાછા આવી હાથ-પગ-મોં ધોઈ સર્વ પ્રથમ શ્રીપ્રભુને દંડવત્ પ્રણામ કર્યા પછી જ ઘરમાં બીજો વ્યવહાર કરીશ કે બેસીશ.

(૧૦) ઘરેથી જયારે જયારે પણ બહાર નીકળવામાં આવે અગર જ્યારે જ્યારે પણ વાહનમાં બેસવાનો વારો આવે ત્યારે ત્યારે, બહાર નીકળતી વખતે તથા વાહન આરંભ થાય ત્યારે ભગવન્નામસ્મરણ - પાંચ અષ્ટાક્ષર સ્મરણ મનમાં કરીશ.

(૧૧) રોજ સવારે પરિવારના સભ્યો તેમજ બીજા વૈષ્ણવો દિવસમાં પ્રથમ મળે ત્યારે આદરપૂર્વક બે હાથ જોડી પ્રણામ સહ જયશ્રીકૃષ્ણ કહીશ.

(૧૨) રાત્રે સૂતી વખતે દરેકને જયશ્રીકૃષ્ણ કહી પછી શયન કરીશ

(૧૩) રાત્રે પથારીમાં બેઠા પછી ૧૦૮ અષ્ટાક્ષરનું સ્મરણ કરી એક કૃષ્ણાશ્રયનો પાઠ કરી પછી શયન કરીશ.

(૧૪) ઘરે પાંચ ગોલખો અથવા ડબ્બા અલગ મૂકવા અને તેના પર આ મુજબ ચિઠ્ઠી ચોંટાડવી - (૧) શ્રીગુરુદેવની ગોલખ, (૨) સામગ્રીની ગોલખ, (૩) દાન-પુણ્યની ગોલખ, (૪) સંપ્રદાય સેવાની ગોલખ, (૫) ગો સેવાની ગોલખ આમાં રોજ સવારે જપ-પાઠથી પરવારી અને જો શ્રી.... ની સેવાબિરાજતી હોય તો સેવાથી પરવારી આ ગોલખોમાં યથાશક્તિ દ્રવ્ય (બે પૈસાથી લઈ બે હજાર સુધીની કોઈ પણ એક રકમ પોતાની શક્તિની બહાર ગયા વિના - શક્તિ અનુસાર નક્કી કરવી) નાખી ત્યાર બાદ જ કમાણીની કે પછી બીજી વ્યાવહારિક પ્રવૃત્તિ કરીશ. **(દિવસમાં પહેલાં આપવું - પછી લેવું)**(સામગ્રીની ગોલખ છોડી બીજી ગોલખમાં ભેગું થયેલું દ્રવ્ય તેને વર્ષમાં એકવાર ગોલખ ખોલવામાં આવે તો શ્રીમહાપ્રભુજીના ઉત્સવે અને વર્ષમાં બે વખત તો શ્રીમહાપ્રભુજીના ઉત્સવે તથા દીવાળી યા બેસતા વર્ષે ખોલવી. ભેગું થયેલું દ્રવ્ય ગણી તે રકમ અલગ રાખી શ્રીગુરુદેવની ગોલખનું દ્રવ્ય પોતાના બ્રહ્મસંબંધદાતા શ્રીવલ્લભવંશજ ગૃહે નિવેદન કરવું, ગાયોની ગોલખનું દ્રવ્ય ગૌશાળામાં આપવું, દાન- પુણ્યનું દ્રવ્ય બ્રાહ્મણો-ગરીબો-નિરાધારો વગેરેને આપવામાં વાપરવું તથા સામગ્રીની ગોલખના દ્રવ્યમાંથી ઘરે બિરાજતા શ્રીપ્રભુને વિશેષ સામગ્રી અર્થે વાપરવું, આનો પ્રસાદ પોતે અને પરિવારજનોએ રંચકમાત્ર ગ્રહણ કરી બાકીનો પ્રસાદ બ્રાહ્મણો-ગરીબો વગેરેમાં વહેંચી દેવો અને જો ઘરે સેવા ન બિરાજતી હોય તો આ દ્રવ્યનો વિનિયોગ શ્રીજીદ્વારમાં સામગ્રી અર્થે કરવો. સંપ્રદાયની ગોલખનું દ્રવ્ય શ્રીવલ્લભાચાર્યજીના સંપ્રદાયના સિદ્ધાન્ત ગ્રન્થોના પ્રકાશન - સંશોધન વગેરે અંગે જયાં કાર્યો થતાં હોય ત્યાં આપવું અને તેમાં પોતાના નામની કે પોતાના પૂર્વજોના કે કોઈના પણ નામની જાહેરાત કરવી નહીં. (ધર્મના-ધર્માદાના પૈસે પ્રતિષ્ઠા કમાવવી તે પણ અધર્મ જ છે.)

## (૬) બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત પુષ્ટિમાર્ગીય બ્રાહ્મણોએ લેવા યોગ્ય નિયમો :-

(૧) પ્રાતઃ મધ્યાહ્ન, સાયં ત્રણે કાળમાં સંધ્યા પ્રતિદિન કરીશ

(૨) હું દરરોજ સૂર્યોદયના પૂર્વ પ્રાતઃ સંધ્યાકર્મ કરી લઈશ.

(૩) શ્રીમહાપ્રભુજીએ તથા તેમના પરવર્તી વંશજોએ ગાયત્રીમંત્રનો જે અર્થ પ્રકટ કર્યો છે તે ગ્રંથોનું હું યોગ્ય વિદ્વાનોથી અધ્યયન કરી ગાયત્રીના અર્થને જાણી તે અર્થની જ ભાવના ગાયત્રીમંત્રના જપ સમયે ચિત્તમાં રાખીશ.

(૪) બ્રાહ્મણત્વ એ દેહ સંબંધી છે અને વૈષ્ણવત્વ - ભગવત્સેવકત્વ એ આત્મ-સંબંધી છે અતઃ ભગવત્સેવા એ મારો આત્મધર્મ છે તેમ સમજી પ્રતિદિન સ્નેહપૂર્વક ઘરે હું ભગવત્સેવા (પુષ્ટિમાર્ગીય રીતથી) કરીશ.

(૫) હું પ્રાપ્ત વૈદિક કર્મો એ રીતે કરીશ કે જેથી ભગવત્સેવામાં વ્યવધાન ન થાય.

(૬) વેદાદિ શાસ્ત્રોમાં તથા પુષ્ટિમાર્ગમાં નિષિદ્ધ એવા કોઈ વ્યવસાયને કરીશ નહીં

(૭) દેવદ્રવ્યથી હું જીવનનિર્વાહ ભૂલથી પણ કરીશ નહીં.

(૮) શ્રીમદ્ ભાગવતના કોઈ પણ પ્રકારના ઉપયોગ વડે ઉપાર્જિત થયેલા દ્રવ્યથી હું જીવનનિર્વાહ કરીશ નહીં.

(૯) શ્રીમદ્ ભાગવત પ્રભુશ્રીકૃષ્ણનું વાઙ્મય સ્વરૂપ છે તેવું જ્ઞાન ચિત્તમાં સદાને માટે ધારણ કરી શ્રીમદ્ ભાગવતનો ભક્તિથી અતિરિક્ત (ભગવાનને કહેવા-સાંભળવા સ્મરવાથી ભિન્ન બીજા કોઈ પણ હેતુથી) ઉપયોગ કરીશ નહીં.

(૧૦) પુષ્ટિમાર્ગમાં માન્ય એવા ઈતર જપ પાઠ ઉપરાંત શ્રીપુરુષોત્તમ નામસહસ્ર, ત્રિવિધલીલાનામાવલીનો એક એક તથા શ્રીમદ્‌ભાગવતના એક અધ્યાયનો પાઠ કર્યા પછી જ અન્ન-આહાર વગેરે ગ્રહણ કરીશ.

(૧૧) અવૈષ્ણવના ઘરનું કે અબ્રહ્મસંબંધી વ્યક્તિના હાથનું અન્ન જળ કંઈ પણ ગ્રહણ કરીશ નહી.

(૧૨) શ્રીકૃષ્ણથી ઈતર પરંપરાથી પ્રાપ્ત સર્વ દેવી દેવતાઓની સેવાને કોઈ યોગ્ય મંદિરમાં આપી દઈ ઘરે માત્ર પ્રભુ શ્રીકૃષ્ણની જ આરાધના - પૂજા-સેવા કરીશ. જીવનમાં ક્યારેય શ્રીકૃષ્ણથી ઈતરની આરાધના-પૂજા કરીશ નહીં.

(૧૩) (જો શ્રીમહાપ્રભુના માર્ગમાં વધુ દઢતા સિદ્ધ થઈ હોય તો -) હું અવૈષ્ણવ દ્વારા કોઈ પણ પ્રકારે અપાયેલ દ્રવ્ય, વસ્ત્ર, અન્ન, આભૂષણ, પશુ, ભૂમિ વગેરે સ્વીકારીશ નહીં.

(૧૪) હું મારા બાળકોને વેદાદિ શાસ્ત્રો ઉપરાંત શ્રીમહાપ્રભુ પ્રદર્શિત પુષ્ટિ સિદ્ધાન્તોનું જ્ઞાન (મરજિયાતના ધોરણે નહીં, પણ ફરજિયાત પ્રકારે) આપીશ, અપાવીશ તેમજ તેમને પણ પુષ્ટિમાર્ગીય સંસ્કારોથી સુસંસ્કારિત કરીશ.

(૧૫) હું મારા બ્રાહ્મણત્વનું, જ્ઞાનનું, આચરણનું કોઈ પણ પ્રકારે અભિમાન રાખીશ નહીં તથા બ્રાહ્મણેતર ક્ષત્રિય વૈશ્ય-શૂદ્ર વાર્ણ પ્રત્યે કયારેય હીનતા કે તિરસ્કારની લાગણી રાખીશ નહીં તેમજ તેમના પ્રત્યે વાણીથી યા ઈતર પ્રકારે તિરસ્કારભર્યો વર્તાવ કરીશ નહીં.

(૧૬) **(જે બ્રાહ્મણો કર્મકાંડ વગેરે કરાવતા હોય તેમના માટે)** વૈદિક-પૌરાણિક યજ્ઞયાગાદિ કર્મ તથા સંસ્કારાદિ કર્મ તથા મોક્ષસાધનાર્થ રામાયણાદિ પારાયણ સિવાયના ગ્રહોના જપ, અન્ય દેવી દેવતાના જપ, મારણ, ઉચ્ચાટન,વશીકરણ વગેરે હીન હેતુઓ અર્થેના પ્રયોગ પોતાના તરફે યા બીજાના વતી પણ કરીશ-કરાવીશ નહીં.

(૧૭) હું શ્રીવલ્લકુલ પરિવારને દંડવત્ પ્રણામ ભેટ વગેરે પૂર્વક આચાર્ય-ગુરુ પ્રત્યેનો ઉચિત સર્વ આદર જાળવીશ, તેમના માટે સંપૂર્ણ આદરયુક્ત શબ્દ-ભાષાનો જ પ્રયોગ કરીશ. તેમના સમીપ-સમ્મુખ બેસવા, ઊઠવામાં તથા વાણીથી વ્યવહાર વગેરે સર્વમાં આદર જાળવીશ.

(૧૮) શ્રીમહાપ્રભુજીના ઉત્સવે, શ્રીપ્રભુચરણના ઉત્સવે, જન્માષ્ટમીએ, દીવાળીએ,બેસતાવર્ષે તથા દીક્ષાદાતા ગુરુના જન્મદિવસે દીક્ષાદાતા ગુરુ જો ગામમાં કે સમીપમાં બિરાજમાન હશે તો ત્યાં તેઓશ્રીના નિવાસ્થાને પ્રત્યક્ષ દંડવત્ પ્રણામ ભેટ નિવેદન કરીશ તેમજ પવિત્રા દ્વાદશીએ પણ જો ગુરુ ગામમાં કે સમીપમાં બિરાજતા હોય ત્યાં અને જો ન બિરાજતા હોય

તો જે પણ વલ્લભકુલપરિવાર બિરાજમાન હોય તેમને પવિત્રા ધરાવી, દંડવત્ પ્રણામ-ભેટ નિવેદન કર્યા પછી અન્ન ગ્રહણ કરીશ, તેમજ ગુરુપુત્ર તથા ગુરુપરિવારમાં પણ ગુરુવત્ બુદ્ધિ રાખીશ.

(૧૯) વેદાદિ શાસ્ત્રોમાં પ્રદર્શિત બ્રાહ્મણોચિત કર્મ, આચાર, વિચારનું યથાવિધિ યથાશક્ય પાલન-આચરણના પ્રયત્ન ઉપરાંત પુષ્ટિમાર્ગીય પ્રાચીન આચાર્યો દ્વારા પ્રદર્શિત વૈષ્ણવોચિત કર્મ, આચાર,વિચારનું યથાવિધિ પાલન-આચરણનો પ્રયત્ન કરતો રહીશ.

## (૭) વિદ્યાર્થી વૈષ્ણવ બાળકોએ લેવા યોગ્ય નિયમોઃ-

(૧) હું રોજ સવારે મોડામાં મોડો પાંચવાગે ઊઠી જઈશ.

(૨) હું રોજ સવારે વહેલા ઊઠી હાથ-મોં ધોઈ એક જગ્યાએ બેસી પ્રથમ મંગલાચરણ દ્વારા પ્રભુનું તથા શ્રીગુરુનું સ્મરણ કરી ત્યારબાદ શ્રીકૃષ્ણઃશરણં મમ ૨૧ વખત તથા શ્રીવલ્લભઃ શરણં મમ ૨૧ વખત મનમાં સ્મરણ કરી પછી પોતાનું ચાલુ અધ્યયન કરીશ.

(૩) હું રોજ સવારે માતા-પિતા, ભાઈ, બહેન વગેરેને હાથ જોડી જયશ્રીકૃષ્ણ કહીશ.

(૪) હું રોજ સ્નાન કરી સર્વોત્તમસ્તોત્ર, યમુનાષ્ટક, કૃષ્ણાશ્રય, નવરત્ન, વિવેકધૈર્યાશ્રયનો પાઠ તથા શ્રીકૃષ્ણઃ શરણં મમ મંત્રની એક માળાનો જપ ઉતાવળ કર્યા વિના શાંતિથી અને શુદ્ધ ઉચ્ચારણથી કરીશ. (જો વધુ સમય હોય તો) શ્રીમદ્ભગવદ્ગીતાના એક અધ્યાયનો પાઠ રોજ કરીશ.

(૫) સ્કૂલ-કોલેજ-ક્લાસ વગેરેમાં જતા પહેલાં શ્રીપ્રભુને દંડવત્ પ્રણામ કરી પછી જ બહાર જઈશ.

(૬) હું ઘરમાં આવ્યા પછીથી ઘરની અંદર બહારથી પહેરીને આવેલા જોડા-ચંપલ પહેરી રાખીશ નહીં.

(૭) હું પગમાં જોડા-ચપ્પલ પહેરીને જમીશ નહીં.

(૮) હું ઘરમાં કે ઘરની બહાર સ્કૂલ-કોલેજ-પાર્ટી-ક્લબ વગેરેમાં ક્યાંય પણ કાંદા, લસણ, માંસ, ઈંડા, શરાબ (દારુ) વગેરે પદાર્થોનું ભૂલથી પણ સેવન કરીશ નહીં.

(૯) દરેક એકાદશી, જન્માષ્ટમી, રામનવમી તથા દરેક હિન્દુ ધર્મના તથા પુષ્ટિમાર્ગીય તહેવારોના પવિત્ર દિવસોએ સિનેમા ટી.વી., વી.ડી.ઓ. જોઈશ નહીં તેમજ ઘરમાં જો તે દિવસે બીજા જોતા હશે તો આ દિવસોમાં ઘરમાં ટી.વી., વી.ડી.ઓ. કે સિનેમાનાં ગાયનો ન ચલાવવા વિનયપૂર્વક વિનંતી કરીશ તેમજ આ પવિત્ર દિવસોમાં ક્લબોમાં કે હોટલોમાં જઈશ નહીં તથા ઘરની બહારનું કોઈ ખાન-પાન કરીશ નહીં.

(૧૦) (ઘરમાં જો સેવા બિરાજતી હોય તો) હું રોજ દિવસ દરમિયાન કોઈ પણ એક સેવામાં સેવા કરનારા પરિવારજનોને મદદરૂપ થઈશ.

(૧૧) ગળામાં તુલસીની કંઠી વિના હું કંઈ પણ ખાન-પાન કરીશ નહીં.

(૧૨) હું મારા ભણવાના ટેબલ પર અથવા ઘરમાં જયાં ભણતો હોઉં ત્યાં શ્રીમહાપ્રભુજીનું ચિત્ર દર્શન થઈ શકે તે રીતે રાખીશ તથા સ્કૂલ કોલેજ જવાની બેગમાં પણ શ્રીમહાપ્રભુજીનું ચિત્ર સાથે રાખીશ.

(૧૩) રોજના ચાલુ અધ્યયન સમયે કે પછી પરીક્ષામાં, કોઈ પણ સમયે અધ્યયન બાબતમાં કોઈ ચોરી કરીશ નહીં, તેમજ ગમે તે રીતે બેસીને, લાંબા પગ કરીને-અડધા સૂતા- સૂતા અથવા સૂતા-સૂતા છાતી પર પુસ્તક રાખીને વાંચીશ નહીં, પુસ્તકને પૂરું વાળી વાંચીશ નહીં પણ પુસ્તકને નુકશાન ન પહોંચે તે રીતે વાંચીશ. તેમજ ગાઈ-ગાઈને યાદ કરવું, ઉતાવળે શુદ્ધ-અશુદ્ધ બોલીને યાદ કરવું, માથું-પગ કે હાથ હલાવીને યાદ કરવું, નોટબુકોમાં લખીને યાદ કરવું, પુસ્તકમાં લખેલી પંક્તિનો અર્થ સમજ્યા વિના યાદ કરવું વગેરે આદતો યાદશક્તિને તથા સમજશક્તિને કમજોર કરનારા અપલક્ષણ કહેવાય છે તેથી તેવી આદતો રાખીને વાંચીશ નહીં, પણ તેવી

આદતો સદંતર છોડી દઈશ. ઉપરાંત પરીક્ષાના દિવસોમાં  રાત્રે ખોટા ઉજાગરા કર્યા વિના રોજના અધ્યયનમાં વધારે મહેનત કરીશ.

(૧૫) હું દિવસભરમાં અધ્યયનમાં પૂર્ણ પરિશ્રમ કર્યા પછી  જ શ્રમ નિવારણ (બગીચામાં ફરવું,રમવું,મનોરંજન કરવું વગેરેથી refresh થવું)ની ઈચ્છા કરીશ. તેમજ અધ્યયનના સમયે પણ હાર-જીતમાં કોઈ પણ પ્રકારની કડવાશ કે પોતાનામાં હીનતાનો ભાવ લાવ્યા વિના પોતાની હારને પણ રમતનું એક પાસું સમજી પ્રસન્નતાથી સ્વીકારી લઈશ અને વિજેતાને આનન્દપૂર્વક વિજયના અભિનન્દન આપીશ. તથા  વિજેતા પ્રત્યે ઈર્ષ્યાનો ભાવ કેળવીશ નહીં.

(૧૬) હું મારા પોતાના કોઈ પણ ગૂંચવણભર્યા પ્રશ્નને કે પછી મારાથી કોઈ પણ નાની-મોટી ભૂલ થઈ જાય કે કોઈ મોટો અપરાધ થઈ જાય તેને હું મારા માતા-પિતા તથા  મારા શ્રીગુરુદેવથી ક્યારેય છાનું રાખીશ નહી, તેમજ તેવા સમયે તેમની પાસેથી હું યોગ્ય માર્ગદર્શન મેળવવાનો પ્રયત્ન કરીશ.

(૧૭) સિનેમાની જાણકારી આપતા અથવા તો અશ્લિલ લખાણવાળા પુસ્તકો, માસિકો, પાક્ષિકો,સાપ્તાહિકો વગેરેનું વાંચન કરીશ નહીં, તેમજ તેવાં ચિત્રોને જોઈશ કે સંઘરીશ નહીં, તેવી જ રીતે સંસ્કાર વિહોણા કે નકામા સાહિત્ય સાથે મારો કોઈ સંબંધ રાખીશ નહીં.

(૧૮) હું રોજ પુષ્ટિમાર્ગીય તથા ધાર્મિક માસિક પત્રોનું તેમજ પુષ્ટિમાર્ગીય સાહિત્યનું ઓછામાં ઓછા બે પૃષ્ઠ જેટલું વાંચન કરીશ અને તેમાં લખેલા વિષયને સમજવાનો પ્રયત્ન કરીશ.

(૧૯) જે પુષ્ટિમાર્ગના વિરોધી હોય, અસંસ્કારી હોય, અશ્લિલ સાહિત્ય વાંચનારા કે અશ્લિલ બોલનારા કે અશ્લિલ હરકતો કરનારા હોય, દેવનિન્દા, ગુરુનિન્દા, સન્માર્ગ નિન્દા કરનારા હોય, અભક્ષ્ય (માંસ-મચ્છી- ઈંડા વગેરે) ખાનારા હોય, મદિરાપાન કે તેવી વ્યસની વસ્તુઓનું કે ડ્રગ્સનું સેવન કરનારા હોય, પોતાના માતા-પિતા કે ભણાવનાર ગુરુ સાથે ઉદ્ધત

વર્તન કરનારા હોય, ગંદી આદતોવાળા હોય (છોકરીઓ માટે - વધુમાં - લાજ-શરમ વિનાની અને ઉત્તેજક રીતે પોતાનું દેહ  પ્રદર્શન કરનારી હોય, છોકરાઓના વચમાં જ રખડતી હોય, માતા-પિતાની ઈજ્જત-આબરુનો ખ્યાલ નહીં રાખનારી હોય, પોતાનામાં અભિનેત્રીનો ખ્યાલ વસાવી વર્તનાર હોય,) તેવા લોકો સાથે હું ક્યારેય કોઈ પણ પ્રકારનો-બહાર સાથે ફરવા જવું, એકબીજાના ઘરે આવવું જવું, એક-બીજાનીવસ્તુની આપલે કરવી વગેરે પ્રકારનો સંબંધ કે તેમની કોઈ પણ પ્રકારની વાત-ચીત વગેરેની સોબતનો પણ સંબંધ રાખીશ  નહીં.

(૨૦) પોતાની જાત માટેની કોઈ પણ બાબતની સાચી  હકીકતની કબૂલાત કરવામાં કોઈનો પણ કોઈ પણ પ્રકારનો ભય ન રાખી જે સત્ય હશે તે જ કબૂલીશ (સાચું કહેવામાં બીજાનો ભય લાગવો એ એક પ્રકારે બીજાની માનસિક ગુલામી છે.)

(૨૧) પોતાનાથી કોઈ પણ પ્રકારની નાની-મોટી ભૂલ થઈ જાય કે કોઈ મોટો અપરાધ થઈ જાય તો જે તે ભૂલના દંડ આપનારા અધિકૃત વ્યક્તિ આગળ સામે ચાલીને ભૂલને કબૂલીશ તથા તે ભૂલ બદલ દરગુજર કરવા આજીજી નહીં કરીશ, પણ જે તે ભૂલને યોગ્ય દંડની યાચના કરીશ (દંડ થશેનો ભય અને તેનાથી થનારી ક્રિયાઓ વ્યક્તિને અનેક રીતે માનસિક કમજોર બનાવે છે અને હીનભાવ જન્માવે છે અને પરિણામે તે જીવનમાં એક ભૂલને ઢાંકવા હજાર ભૂલો કરી ભૂલો-અપરાધોમાં દબાઈ જઈ જીવનનો નાશ કરે છે તેથી દંડ ભોગવી ફરીથી તેવી ભૂલ ન કરવાનો મનનો નિશ્ચય જ દરેક માટે હિતાવહછે).

(૨૨) હું મારો અધ્યયનનો સમય બાદ કરતાં બાકીના સમયમાં  ગામમાં કે પાસેના વિસ્તારમાં પુષ્ટિમાર્ગીય ઉત્સવો ઉજવાતા હોય કે પુષ્ટિમાર્ગીય વિદ્વાનો - આચાર્યોનાં પ્રવચનો, કથા, કીર્તન વગેરેના સમારંભો યોજાતા હોય તેમાં બરાબર હાજરી આપીશ તથા શ્રવણ વગેરેનો લાભ મેળવીશ તેમજ ત્યાં ત્યાં વ્યવસ્થા વગેરેમાં મારી જાતસેવાની જે પણ જરૂર હોય તેની તપાસ

કરી તે મુજબ મારી સેવાઓ પણ આપીશ તેમજ પુષ્ટિમાર્ગીય શિબિરો, સ્વાધ્યાય કેન્દ્રો, પાઠશાળાઓ વગેરેમાં પણ શક્ય હોય ત્યાં સુધી અને તેટલો લાભ મેળવવા પ્રયત્ન કરીશ.

(૨૩) મારા માતા-પિતા, ભણાવનારા શિક્ષકોનો, ધર્મના ગુરુસ્થાને બિરાજનાર ગુરુજનોનો, મારાથી ઉંમરમાં મોટા વડીલજનોનો હું મારી વાણી અને ક્રિયા બન્નેથી પૂર્ણ આદર જાળવીશ તેમજ તેમના પ્રત્યે કોઈ પણ પ્રકારે ઉધ્ધતાઈ ભર્યું વર્તન કરીશ નહીં, કે તેવી વાણી બોલીશ નહીં.

# પહેલું -પગથિયું

જેમ વ્યવહારમાં વિદ્વાન હોવા છતાં પણ વિવેક-વિનય ન હોય તો તેવાઓ સમાજમાં શોભતા નથી. તેવી જ રીતે વૈષ્ણવોમાં પણ માર્ગીય વિવેક-વિનય જરૂરી હોઈ અને ઘણા વૈષ્ણવોમાં એ સંબંધી જાણકારીનો અભાવ હોઈ અહીં તે સંબંધમાં કંઈક લેખનનો પ્રયાસ કર્યો છે. આશા રાખું છું વૈષ્ણવોને ઉપયાગી નિવડશે.

(૧) આપણા સંપ્રદાયનું નામ પુષ્ટિમાર્ગ છે.

(૨) દરેક વૈષ્ણવના આદ્યગુરુ શ્રીમદ્ વલ્લભભાચાર્યજી શ્રીમહાપ્રભુજી છે.

(૩) શ્રીમહાપ્રભુજીના વંશમાં બિરાજતા દરેક ગોસ્વામી બાળકો ગુરુદ્વારરૂપે ગુરુસ્થાને છે.

(૪) બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા જેમના દ્વારા પ્રાપ્ત થઈ હોય તે દીક્ષા લેનારનું મુખ્ય ગુરુસ્થાન કહેવાય.

(૫) કોઈ પણ ગોસ્વામિબાળકો દ્વારા બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત થઈ હોય તેમ છતાં પણ શ્રીમહાપ્રભુજીના વંશમાં પ્રાદુર્ભૂત પ્રત્યેક ગોસ્વામિબાળકો પ્રત્યે સમાન રીતે આદર ભાવ તથા પૂજ્ય ભાવ વૈષ્ણવોએ રાખવો જોઈએ.

(૬) ગુરુ સ્વમુખથી ત્રણ વખત અષ્ટાક્ષરનું ઉચ્ચારણ કરાવી તુલસીની કંઠી આપે તેને નામ નિવેદન કહેવાય છે.

(૭) અસ્પર્શમાં સ્નાન કરાવી પ્રભુની સમ્મુખ ગુરુ સ્વમુખથી ગદ્યમંત્રનું ઉચ્ચારણ કરાવી પ્રભુનાં ચરણોમાં તુલસી સમર્પે તેને બ્રહ્મસંબંધ અથવા આત્મનિવેદન કહેવાય છે.

(૮) આ સંપ્રદાયમાં અષ્ટાક્ષરની દીક્ષા તથા બ્રહ્મસંબંધ દીક્ષા આપવાનો અધિકાર માત્ર શ્રીમહાપ્રભુજીના વંશજોનો જ છે. આ સંપ્રદાયમાં શિષ્યપરંપરા ગ્રાહ્ય નથી પણ આનુવંશિક પરંપરાજ સ્વીકારવામાં આવી છે. તેથી શ્રીવલ્લવંશજો દ્વારા જ દીક્ષા ગ્રહણ કરવી.

(૯) ઘણા લોકો જાણકારીના અભાવે એમ બોલતા હોય છે કે ‘આજે મેં અપવાસ કર્યો છે પણ શુધ્ધ શબ્દ ‘ઉપવાસ’ છે નરકમાં વાસ કરવો તે અપવાસ કહેવાય અને મનદ્વારા પ્રભુની સમીપ વાસ કરવો તે ઉપવાસ છે. તેથી જ્યારે ત્યારે ઉપવાસ શબ્દ પ્રયોગ કરવો.

(૧૦) અષ્ટાક્ષર મંત્રની અથવા બ્રહ્મસંબંધી દીક્ષા પ્રાપ્ત કરી વૈષ્ણવ થયા પછીથી દરેક વૈષ્ણવ સાથે ‘જયશ્રીકૃષ્ણ’ કહેવાનો વ્યવહાર રાખવો.

(૧૧) બીજા વૈષ્ણવોને પત્રમાં ‘જયશ્રીકૃષ્ણ’ એમ લખવું પોતાના ભાઈ-બહેન વગેરેને જે પોતાનાથી સંબંધમાં કે વયમાં મોટા હોય તેમને ‘જયશ્રીકૃષ્ણ’ કહેવાનો વ્યવહાર રાખવો.

(૧૨) ગુરુને ( ગોસ્વામી બાળકોને) જયશ્રીકૃષ્ણ એ કહેવાનો કે લખવાનો રિવાજ નથી કારણ કે શિષ્યમાં ગુરુને ભગવત્ સ્મરણ કરાવવાની યોગ્યતા હોતી નથી. પણ ગુરુની કૃપા દ્વારા શિષ્યને ભગવત્સ્મરણ પ્રાપ્ત થાય છે. તેથી વૈષ્ણવ જ્યારે ગોસ્વામિબાળકોને પત્ર લખે તો ‘સાષ્ટાંગ દંડવત્ પ્રણામ’ એમ લખવું જોઈએ અને જો ટેલીફોન પર વાત કરવાનો પ્રસંગ આવે ત્યારે પ્રથમ ‘મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ’ એમ કહી પછી બીજી વાત શરૂ કરવી.

(૧૩) નં. ૧૨માં જણાવ્યા પ્રમાણે જો બહેનોને લખવાનો કે બોલવાનો પ્રસંગ આવે ત્યારે સાષ્ટાંગ શબ્દો પ્રયોગ કરવો નહીં પણ માત્ર ‘દંડવત્ પ્રણામ’ એ પ્રકારે જ શબ્દ પ્રયોગ કરવો.

(૧૪) ગુરુ પાસે અથવા શ્રીવલ્લભ વંશજ ગોસ્વામી બાળકો પાસે જ્યારે પણ વૈષ્ણવો જાય ત્યારે સમ્મુખ જતાં જ સર્વ પ્રથમ બેસીને દંડવત્ કરવા અને હાથ જોડીને પ્રણામ કરવા, ત્યારબાદ આજ્ઞા માંગીને (પૂછીને) કેહું ચરણ સ્પર્શ કરું ? ત્યારે આજ્ઞા મળે પછી પોતાના જમણા હાથે ગુરુદેવના કે ગોસ્વામિબાળકોનાં બન્ને ચરણનો હાથ વડે સ્પર્શ કરી (પહેલા ડાબી બાજુના ચરણનો સ્પર્શ કરવો) ચરણસ્પર્શ કરેલા હાથને પોતાની બન્ને આંખોએ સ્પર્શ કરાવવો તેમજ મસ્તક તથા હૃદય પર સ્પર્શ કરાવવો અને ચરણસ્પર્શ કરી દૈન્ય રાખી બેસવું.

(૧૫) સેવામાં કે ગુરુદેવ સંબંધી કોઈ પણ કાર્ય કરવાનું હોય ત્યારે બે હાથનો ઉપયોગ ન હોય અને માત્ર એક જ હાથનો ઉપયોગ હોય ત્યારે તે કાર્ય જમણે હાથે કરવું, ડાબે હાથે કરવું નહીં. તેવી જ રીતે ચરણ સ્પર્શ બે હાથ વડે કે ડાબે હાથ કરવા નહીં, પણ જમણા હાથથી જ કરવા.

(૧૬) ગુરુની સામે અદબ મારીને બેસવું નહીં, પગ પર પગ ચઢાવીને બેસવું નહીં, ગુરુને પીઠ થાય તે રીતે બેસવું નહીં, ગુરુદેવની ગાદી કે આસનને પગ લાગે તે રીતે બેસવું નહીં, પગને ઊંચા કે ગમે તે રીતે રાખીને બેસવું નહીં પણ પલાંઠી મારી સ્વસ્થતાપૂર્વક અને દૈન્ય ભાવે બેસવું.

(૧૭) ગુરુદેવની ગાદી-આસન-તકિયા-વસ્ત્રો વગેરે વસ્તુઓને પગ લાગે નહીં તે રીતે બધો વ્યવહાર કરવો.

(૧૮) ગુરુની પાસે ગુરુથી ઊંચા આસન (સ્થાને) બેસવું નહીં, પણ ગુરુથી નીચા સ્થાને બેસવું (જેમ કે ગુરુદેવ ખુરસી પર બિરાજતા હોય ત્યારે બીજી ખુરસી પર બેસવું નહીં) તેમજ ગુરુદેવ આગળ પોતાનામાં પંડિત-શેઠિયા કે રાજા વગેરેનો ભાવ-અહંકાર રાખવો નહીં.

(૧૯) ગુરુની સમ્મુખ અપાન વાયુ છોડવો નહીં, તેમજ ધીમેથી કે મોટેથી સિનેમા વગેરેનાં ગાયનો, ધૂનો ગાવા કે ગુનગુનાવવા નહીં.

(૨૦) ગુરુદેવની સમ્મુખ બેઠા હોય ત્યારે આપસ આપસમાં પણ સિનેમા કે ઘરની કડાકૂટ કે સંસારની ઈતર લૌકિક ચર્ચાઓને સ્થાન આપવું નહીં, પણ શક્ય તેટલી ભગવત્ ચર્ચાને જ સ્થાન આપવું.

(૨૧) ગુરુની સમ્મુખ બીજાઓને ઉપદેશ કે આશીર્વાદ આપવા નહીં. તેવી જ રીતે ગરુદેવની સમ્મુખ ગુરુદેવ અથવા ગુરુસ્થાનીય ગોસ્વામી બાળકોથી ઈતર વૈષ્ણવો સગાં સંબંધીઓ કે લૌકિક વ્યવહારમાં આવતા વ્યક્તિઓને પગે પડવું નહીં, કારણ કે ગુરુની ઉપસ્થિતિમાં માત્ર ગુરુ જ પૂજ્ય હોય છે એવી ભારતીય શાસ્ત્રીય પરંપરા છે.

(૨૨) ગુરુદેવ પાસેથી પાછા જતી વખતે પણ પ્રથમ જવાની આજ્ઞા લઈ ગુરુને દંડવત્ પ્રણામ કરી પછી ત્યાંથી બહાર નીકળવું.

**(૨૩) નીચે જણાવેલી અવસ્થામાં શુદ્ધ થયા વિના ગુરુદેવ પાસે જવાય નહીં.**

(૧) રજસ્વલા સ્ત્રી (અડચણવાળી સ્ત્રી) એ જવું નહીં (૩ દિવસ નહીં જવું)

(૨) મૃત સૂતક હોય ત્યારે જવું નહીં.

(૩) સંડાસ ગયા પછીથી સ્નાન કર્યા વિના જવું નહીં.

(૪) બાળકને જન્મ આપનાર સ્ત્રીએ ૪૦ દિવસ જવું નહીં.

(૫) અડચણવાળી સ્ત્રીનો, બાળકને જન્મ આપનાર સ્ત્રીનો ૧૦ દિવસની અંદર કે જન્મનાર બાળકનો ૧૦ દિવસની અંદર, સૂતકીનો, મડદાંના-હીનકાર્ય કરનારાઓનો સ્પર્શ થયો હોય, સ્મશાનમાં ગયા હો તો આટલી વખતે ફરીથી શુદ્ધતાપૂર્વક સ્નાન કર્યા પછી જ ગુરુ ઘરે જવું.

(૨૪) વૈષ્ણવોએ તુલસીની કંઠી અહર્નિશ કંઠમાં પહેરવી અનિવાર્ય છે. કદાચિત્ કંઠી તૂટી ગઈ હોય તેવી અવસ્થામાં કંઠી ધારણ કરતા સુધી અન્ન-જળ ગ્રહણ કરવા નહીં. કારણ કે પદ્મપુરાણમાં કહેવામાં આવ્યું છે કે વૈષ્ણવ થઈને તુલસીની કંઠી ધારણ કર્યા વિના જો વૈષ્ણવ અન્ન ગ્રહણ કરે તો તે વિષ્ટા બરાબર છે, જળ પાન કરે તો તે મૂત્ર બરાબર છે અને ઈતર પીવાની

વસ્તુનું પાન કરે તો તે રુધિર (લોહી) બરાબર છે, એક ક્ષણમાત્ર પણ વૈષ્ણવ થઈને તુલસીની કંઠીથી રહિત રહેવાથી વિષ્ણુદ્રોહ થાય છે તેથી વૈષ્ણવે કંઠમાં અહર્નિશ તુલસીની કંઠી ધારણ કરવી.

(૨૫) પ્રભુની સેવા તુલસીની કંઠી ધારણ કર્યા વિના થઈ શકે નહીં. તેથી સેવામાં પહોંચતા કુટુંબના દરેક સભ્યના કંઠમાં તુલસીની કંઠી હોવી અનિવાર્ય છે.

(૨૬) બહેનો રજસ્વલા (માસિક) માં આવતી હોય તેમણે ત્રણ દિવસ પૂરા થયા પછી ચોથે દિવસે માથું સાબૂ અથવા અરીઠાથી ધોઈ ચિકટ કાઢી પછી તુલસીની કંઠી કાઢી, નવી કંઠી પહેરવી. જૂની પહેરેલી કંઠી ગળામાં રાખી સેવામાં જઈ શકાય નહીં.

(૨૭) સૂતક અગર વૃદ્ધિ આવે ત્યારે સૂતક-વૃદ્ધિ ઉતર્યા પછીથી સ્નાનાદિથી શુદ્ધ થઈને કંઠી નવી પહેરવી. સૂતકીનો સ્પર્શ થાય મડદાને અડકાઈ જાય, સ્મશાનમાં જવું પડે, રજસ્વલા સ્ત્રીને અડકાઈ જાય, અગર તો બાળકને જન્મ આપ્યો હોય તેવી સ્ત્રીનો ૧૦ દિવસની અંદર અગર તો તેવા બાળકનો સ્પર્શ થાય તો પણ કંઠી નવી પહેરવી. સૂર્યગ્રહણ અથવા ચંદ્રગ્રહણ છૂટ્યા પછીથી પણ શુદ્ધ થઈને નવી કંઠી પહેરવી.

(૨૮) બહેનો પ્રભુની સેવામાં સ્નાન કરે અથવા પ્રભુનાં દર્શને જાય ત્યારે જો સૌભાગ્યવતી સ્ત્રીહોય તો તેણ માથે ટીકી (ચાંલ્લો) અને હાથમાં બંગડી પહેરીને પછી જવું. સૌભાગ્ય ચિહ્ન ધારણ કર્યા વિના પ્રભુ સમ્મુખ જવું તે દોષ છે.

(૨૯) પુરુષો પ્રભુસેવામાં જાય અથવા પ્રભુદર્શને જાય ત્યારે લલાટ પર ઊર્ધ્વપુંડ્ર (ભગવચ્ચરણની આકૃતિવાળું) તિલક અવશ્ય કરવું જોઈએ. જે વૈષ્ણવ મસ્તક પર સદૈવ ભગવચ્ચરણાકૃતિ ચિહ્ન ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરે છે તેને કદાપિ કાલબાધા પ્રાપ્ત થતી નથી કારણ કે પ્રભુ કાલના પણ કાલ છે. પુરાણોમાં લખ્યું છે કે જે વૈષ્ણવો શ્રદ્ધાથી ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરે છે તે પોતે પણ પવિત્ર થાય છે ને બીજાને પણ પવિત્ર કરે છે. ઉપરાંત શકુન શાસ્ત્રમાં સારા કામે જતા હોઈએ ત્યારે દ્વાર પર નીકળતા જો કોરા લલાટનો વ્યક્તિ મળે તો તે અપશુકન થયું કહેવાય છે.

(૩૦) તિલક કંકુથી અથવા કેસરથી જ કરવું (ચન્દન, સિન્દુર વગેરેથી તિલક કરવું નહીં)

(૩૧) સૂતકના સમય દરમિયાન તિલક થઈ શકે નહીં. સૂતક નિવૃત્ત થયા પછી શુદ્ધ થયા પછી જ તિલક ધારણ કરી શકાય.

(૩૨) જેમ સરકારી વસ્તુ ઉપર સરકારી માર્કો હોવાથી તે સરકારી વસ્તુની પ્રતીતિ કરાવે છે તેવી જ રીતે વૈષ્ણવ પ્રભુનાં ચરણોનો સેવક હોવાથી મસ્તક પર પ્રભુનાં ચરણનું ચિહ્ન ધારણ કરી પોતાના આત્માની સાથે સંકળાયેલા દેહ - પ્રાણ - ઈન્દ્રિય - અંતઃકરણ પણ પ્રભુના છે એની પ્રતીતિ કરાવે છે તેમજ જ્યારે જ્યારે પણ દર્પણમાં તિલક સહિતનું પોતાનું મુખ જોઈએ ત્યારે ત્યારે પોતાના દેહ-પ્રાણ-ઈન્દ્રિય-અંતઃકરણ આત્મામાં આ બધું પ્રભુનું છે એવો ભાવ કરવો, આવો ભાવ રાખવાથી આ સર્વને ભગવદીયત્વ પ્રાપ્ત થાય છે.

## વૈષ્ણવની સવાર

(૩૩) રોજ સવારના ચાર વાગે ઊઠીને સ્નાન વગેરેથી પરવારી ભગવત્ સ્મરણ જપ વગેરે કરવા જોઈએ. સવારના ચાર વાગ્યાનો સમય બ્રાહ્મમુહૂર્ત એ અમૃતકાળ કહેવાય છે. તે સમયમાંભગવત્ સ્મરણ કરવામાં વધારે સારી રીતે એકાગ્રતા કેળવી શકાય છે.ઉપરાંત આ સમયમાં ચાલતા વાયુમાં અમૃત વહે છે જેને જાગૃત અવસ્થામાં ગ્રહણ કરવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે, તન્દુરસ્તી વધે છે, બળ વધે છે, ઈન્દ્રિયોની શક્તિ વધે છે, યાદશક્તિ-સ્મરણશક્તિ વધે છે.

(૩૪) જો બ્રાહ્મમુહૂર્તમાં ન જ ઊઠી શકાય તો પછી મોડામાં મોડું અરુણોદય કાળમાં તો પથારી છોડી જ દેવી જોઈએ. અરુણોદય કાળ એટલે સૂર્યોદય પહેલાંનો દોઢ કલાક (લગભગ) સૂર્યોદય સમયે અથવા તે પછીથી ઉઠનારની

સ્મરણશક્તિ, ઈન્દ્રિયોની શક્તિ, બુદ્ધિ, બળ, તન્દુરસ્તી તથા આયુષ્યની હાની થાય છે તથા શરીરમાં તમોગુણી લક્ષણો આળસ, પ્રમાદ, ક્રોધ, અસંયમ વગેરે ઉત્પન્ન થાય છે. ભણતા વિદ્યાર્થીઓએ ૩૩-૩૪ નંબરમાં જણાવેલી વાતો પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. તેમજ તેમના માં-બાપો, વડીલોએ તે મુજબનું વર્તન બાળકો પાસે કરાવવું જોઈએ.

(૩૫) વૈષ્ણવના જીવનની બધી ક્રિયાઓ પ્રભુના અર્થે હોવી જોઈએ.પણ તે સ્થિતિને પામવા દિવસમાં બધીજ ક્રિયાઓનો આરંભ યથાશક્ય પ્રભુ નિમિત્તથી કરો. સવારે ઉઠી સર્વપ્રથમ દૃષ્ટિ પ્રભુના ચિત્રજી પર નાંખો, ઉઠીને હાથથી પ્રથમ ચિત્રજીના ચરણસ્પર્શ કરો, ઉઠીને હાથથી કોઈ પણ અક્ષર લખતા પહેલાં એકવાર અષ્ટાક્ષર મંત્ર લખો, મુખથી બીજા શબ્દો બોલતા પહેલાં જયશ્રીકૃષ્ણ બોલો, ઊઠીને જગતની વાતોને વિચારતા પહેલા પથારીમાં બેઠા બેઠા જ યમુનાષ્ટક કૃષ્ણાશ્રય સ્તોત્ર વગેરેનો પાઠ તથા અષ્ટાક્ષર મંત્રની ૧ માળાનો જપ મનમાં કરો. ઊઠીને કોગળા દાતણ કરીને ચા-કોફી - દૂધ લેતા પહેલાં પ્રભુ ચરણમાં સમર્પેલી પ્રસાદી તુલસી, બીડીનો અંશ અથવા કોઈ પણ પ્રભુની પ્રસાદી વસ્તુ મુખમાં ગ્રહણ કરો. આપણું લૌકિક જો અલૌકિક સાથે સંબંધવાળું હશે તો તે ભગવત્કૃપા એ અલૌકિક તરફ આપણા જીવનને લઈ જશે તે નક્કી છે.

(૩૬) રોજ સવારે સૂર્યના પ્રથમ કિરણો શરીર પર લો અને તે વખતે શ્રીમહાપ્રભુજીના 'ભક્તિમાર્ગાબ્જ માર્તણ્ડઃ' એ નામનો મનમાં જપ કરો તથા શ્રીમહાપ્રભુજી ભક્તિમાર્ગરૂપ કમળને માટે સૂર્ય સમાન છે તેથી પોતાના હૃદયમાં પ્રભુ પ્રત્યેની ભક્તિનો ભાવ સેવી શ્રીમહાપ્રભુજીની કૃપા પ્રતાપે કમળ ખિલશે તેવો ભાવ કરો.

(૩૭) સવારે ઉઠી નં. ૩૫માં જણાવેલી ભગવત્ સંબંધી ક્રિયાઓના પછી પોતાના મા-બાપ તથા વડિલોને જયશ્રીકૃષ્ણ કહી પગે લાગવું અથવા હાથ જોડવાની આદત રાખો તથા પોતાનાથી નાનાઓ દ્વારા તે મુજબ વર્તન કરવાની આદત પાડો.

(૩૮) સવારે ઊઠીને ક્રોધ કરવો નહી. વૈર,ઈર્ષ્યા,અભિમાન,અપમાન વગેરેનાં દુર્ભાવો મનમાં પેદા થાય તેવા ખોટા વિચાર મનમાં કરવા નહી. ચિન્તાના વિચારો હઠપૂર્વક કાઢી નાખવા, અસત્ય ભાષણ કરવું નહી, વગર કારણના ગપ્પા મારવા નહી. રેડિયો પર આવતા ફિલ્મી ગાયનો સાંભળવા નહી, ઘરમાં કે બહાર કોઈની સાથે કલેશ કરવો નહીં, કોઈને પણ અપશબ્દો કહેવા નહીં, સારાંશમાં તમારી જેવી સવાર હશે તેના ઉપર તમારો આખો દિવસ નિર્ભર છે તેથી સવારને પવિત્રતા અને મધુરતા પૂર્વક જેટલો સુંદર બનાવશો તેટલો જ તમારો દિવસ (રાત્રે સૂતા સુધીનો સમય) સુંદર જશે.

(૩૯) વૈષ્ણવોએ શૌચ જઈ સ્નાન કરવાનો આગ્રહ રાખવો. માથેથી સ્નાન અનુકૂળ ન હોય તો કમ સે કમ શૌચ ગયા પછીથી ગળા સુધીનું તો સ્નાન કરવું જ જોઈએ. જે વસ્ત્ર પહેરી શૌચ ગયા હોઈએ તે વસ્ત્ર પણ પાણીમાં પલાડવા, તેનો સ્પર્શ બીજે કરાવવો નહીં તેમજ તેવા વસ્ત્રો પલાડ્યા વિના ધારણ કરવા નહીં. કારણ કે શૌચની અપવિત્ર અવસ્થાથી ભૂલથી પણ કોઈ પ્રભુ સંબંધી સેવા કરવામાં આવે તો તે અપરાધ થાય છે.

(૪૦) દરેક વૈષ્ણવે પોતાના ઘરમાં ઘર દીઠ ભગવત્સેવા પધરાવવી જ જોઈએ. જે વૈષ્ણવના ઘરમાં બાલકૃષ્ણ રમતા ન હોય તે ઘર સ્મશાનવત્ છે. જો અનુકૂળ હોય તો સ્વરૂપ સેવા પધરાવવી અને જો અનુકૂળ ન હોય તો ચિત્ર સેવા પધરાવવી પણ વૈષ્ણવના ઘરમાં સેવા બિરાજવી જ જોઈએ.

(૪૧) સેવાને અર્થે સ્વરૂપ અગર ચિત્રજી પોતાના ગુરુ પાસેથી સેવ્ય કરાવી પધરાવવા. પોતાના મંત્રદાતા ગુરુ પાસેથી સેવા પધરાવવામાં જો કોઈ, અડચણ હોય (ગુરુ દૂર રહેતા હોય વગેરે) તો કોઈપણ શ્રીવલ્લભવંશજ દ્વારા સેવ્ય શ્રી..... ને પધરાવી શકાય છે, પણ તેનાથી તેના નિજ ગુરુગૃહ વિષયમાં કોઈ બાધ આવતો નથી.

(૪૨) જેમને બ્રહ્મસંબંધ પ્રાપ્ત છે એવા કુટુંબના આબાલવૃદ્ધ દરેક સભ્યે રોજ સવારે પોતાના ઘરમાં બિરાજતી સેવામાં પ્રભુનાં ચરણસ્પર્શ કરવાનો આગ્રહ રાખવો અને જેમણે હજુ સુધી બ્રહ્મસંબંધ નથી લીધું તેમણે રોજ સવારે

પ્રભુનાં દર્શન અને પ્રભુને દંડવત્ કરવાનો આગ્રહ રાખવો. એટલે કે રોજ પ્રભુના ચરણસ્પર્શ અગર તો દર્શન તથા દંડવત્ કર્યા પછી જ અન્ન ગ્રહણ કરવું. કુટુંબના વડીલોએ પોતાના કુટુંબના આબાલવૃદ્ધ દરેક સભ્યને યથાયોગ્ય સેવામાં અવશ્યમેવ સાથે લેવા.

## ભોજન સંબંધી

જેમ સ્વાસ્થ્ય માટે કેટલાક નિશ્ચિત નિયમોનું પાલન કરવું જરૂરી છે, જેનાથી શારીરિક તંદુરસ્તી જળવાય છે તેવી જ રીતે ભોજન (ખાન-પાન) સંબંધી કેટલાક નિશ્ચિત નિયમો આધ્યાત્મિક દૃષ્ટિએ પવિત્રતા માટે બતાવાયેલા છે જેનાં પાલનથી મન (અંતઃકરણ સંબંધી) તંદુરસ્તી જળવાય છે સેવા-ભક્તિ- યા ઈતર સાધના માટે જરૂરી હોય છે.

(૪૩) શાસ્ત્રમાં જેનો નિષેધ કરવામાં આવેલો છે એવા તમામ અભોજ્ય (નહીં ખાવા યોગ્ય) પદાર્થોનો વૈષ્ણવોએ સર્વથા ત્યાગ કરવો (સર્વથા વર્જ્ય પદાર્થો : માંસ-ઈંડાથી બનેલી વસ્તુઓ, મદિરા (શરાબ), કાંદા,લસણ)

(૪૪) જે વૈષ્ણવોને ઘરે સેવા બિરાજતી હોય તેમણે ઉપર નં. ૪૩માં જણાવ્યા ઉપરાંત નીચે જણાવેલા પદાર્થો શ્રી....ને ભોગ ધરવા નહીં તેમજ તેમણે પણ તેવા પદાર્થોનું ભક્ષણ કરવું નહીં. અભોજ્ય -મૂળા, ગાજર, બીટ, મોગરી,ફુલાવર, કોબીજ, ટામેટા,મસૂરની દાળ,તડબૂચ તથા માદક પદાર્થો.

(૪૫) જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી વૈષ્ણવોએ હોટલ-લોજના ખાન -પાનથી દૂર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. હોટલોના કે બજારના ભ્રષ્ટ ખાન-પાનથી સારી બુદ્ધિનો નાશ થાય છે અને તેની સાથે સેવામાં જરૂરી શરીર સુખાકારી-તુંદુરસ્તી પણ જળવાતી નથી.

(૪૬) જ્યાં સુધી શક્ય હોય, વૈષ્ણવોએ અવૈષ્ણવના ઘરનાં અન્ન-જળને ગ્રહણ કરવા નહીં. અન્ન તેવા ઓડકાર એ ન્યાયે અવૈષ્ણવના ઘરનું અન્ન ખાવાથી ભક્તિ ભાવનાનો ચિત્તમાંથી નાશ થાય છે.

(૪૭) તંદુરસ્તીની દૃષ્ટિએ શુદ્ધિના નિયમો જળવાયા હોવા છતાં પણ આધ્યાત્મિક દૃષ્ટિએ જેમાં પવિત્રતાની જાળવણી ન થઈ હોય તેવું, તેમજ પવિત્રતાની દૃષ્ટિએ જાળવણી થઈ હોવા છતાં પણ તંદુરસ્તીની દૃષ્ટિએ વિરુદ્ધ હોય તેવું ભોજન ખાન-પાન પણ કરવું નહીં.

(૪૮) અશુદ્ધ વ્યક્તિ દ્વારા બનાવાયેલી રસોઈવાળું ભોજન, અશુદ્ધ સ્થાનમાં કે અશુદ્ધ પાત્રમાં બનાવાયેલી રસોઈવાળું ભોજન, પણ વર્જ્ય છે. તેમજ શુદ્ધતા પૂર્વક બનાવેલી રસોઈવાળું ભોજન પણ શુદ્ધ અવસ્થામાં, શુદ્ધ સ્થાનમાં પાણીનો હાથ ફેરવી (પોતનું કરી) શુદ્ધ કરી પછી ભોજન કરવું.

* * *